પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૧૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૦૫-૨૦૨૪ બુધવાર ●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અનેક મહિલાઓના જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહેલા પ્રજ્વલ રેવન્નાને જેડીએસમાંથી સસ્પેન્ડ કરાયા

બેંગ્લુરૂ,

કર્ણાટકના રાજકારણમાં હલચલ મચી ગઈ છે. પ્રજ્વલ રેવન્ના, જેઓ અનેક મહિલાઓના જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા છે, તેમને જેડીએસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેડી(એસ) કોર કમિટીના અધ્યક્ષ જીટી દેવગૌડાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે અમે પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ એસઆઈટીનું સ્વાગત કરીએ છીએ. અમે અમારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને એસઆઈટી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવા ભલામણ કરવાનો નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે વર્તમાન લોકસભા ચૂંટણીમાં રેવન્ના કર્ણાટકની હાસન



સીટ પરથી પાર્ટીના ઉમેદવાર છે. કોર કમિટીની બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા જીટી દેવગૌડાએ કહ્યું, “અમે તેમને (પ્રજ્વલ રેવન્ના)ને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવા માટે સર્વસંમતિથી ઠરાવ પણ કર્યો છે તે લોકસભાના સભ્ય હોવાથી અમે ઈચ્છીએ છીએ કે પાર્ટી અધ્યક્ષ તાત્કાલિક પગલાં લે."કર્ણાટકના હાસનમાં જેડીએસ સાંસદ અને એનડીએના વર્તમાન ઉમેદવાર રેવન્નાની ધરપકડની માંગ થઈ રહી છે.લોકો માર્ગ પર ઉતરી આવ્યા હતાં. કર્ણાટક સરકારે સાંસદ દ્વારા સેંકડો મહિલાઓના કહેવાતા યૌન ઉત્પીડનથી જોડાયેલા મામલાની તપાસ માટે એસઆઈટીની રચના કરી છે.

પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ કોંગ્રેસ પર તેમના પરિવારની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો છે. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, "આ અમારા પરિવારની છબીને ખતમ કરવાની કોંગ્રેસની ષડયંત્ર છે. આમાં દેવેગૌડા જી અથવા મારી ભૂમિકા શું છે? અમે તે બાબતો માટે જવાબદાર નથી. આ વ્યક્તિગત બાબત છે. પ્રજ્વલ રેવન્ના, હું તેમના સંપર્કમાં નથી, કેટલાક નિર્ણયો લેવાની જવાબદારી સરકારની છે.

તેમણે વધુમાં કહ્યું કે, "અમે તેમને બચાવવાનો પ્રયાસ નથી કરી રહ્યા. અમે તેની સામે પગલાં લઈશું, પરંતુ આ માટે સરકાર વધુ જવાબદાર છે. માત્ર એક કાકા તરીકે નહીં, પરંતુ દેશના એક સામાન્ય માણસ તરીકે આપણે આગળ વધવું જોઈએ. આ શરમજનક બાબત છે કે અમે આવી ગેરકાયદેસર વસ્તુઓ માટે લડત ચલાવી છે.

ભાજપે જેડીએસના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે.કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે મહિલાઓની વિરૂધ્ધ અત્યાચારને લઈ ભાજપની જીરો ટોલરેંસ નીતિ છે.આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું છે.ભાજપના નેતાએ કોંગ્રેસ પર આ મામલા પર બેવડા માપદંડ અપનાવવાનો આરોપ લગાવ્યો છે.તેમણે કહ્યું કે જયારે કોંગ્રેસ સરકાર અઠવાડીયા અને મહીનાથી આ મામલાથી માહિતગાર હતી તો તેમણે આરોપીની વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કેમ ન કરી તેમણે કર્ણાટકના હુબલી હત્યાકાંડ અને પશ્ચિમ બંગાળમાં સંદેશખાલી મુદ્દે પણ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતાંતમને જણાવી દઈએ કે પ્રજ્વલ કર્ણાટકની હસન લોકસભા સીટથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યાં ૨૬ એપ્રિલે મતદાન થયું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સાંસદ સાથે સંબંધિત વીડિયો સામે આવતાની સાથે જ તે મતદાન પૂર્ણ થયા બાદ દેશ છોડીને ભાગી ગયો હતો.

દરમિયાન ત્રીજા તબક્કાના મતદાન પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામની રાજધાની ગુવાહાટીમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે અનેક મુદ્દાઓ પર વાત કરતા કોંગ્રેસને ઘેરી હતી.આ સાથે તેમણે જેડીએસ નેતા પ્રજ્વલ રેવન્ના મામલે પાર્ટીનું વલણ પણ સ્પષ્ટ કર્યું અને કહ્યું કે ભાજપ દેશની માતૃશક્તિ સાથે છે.અમિત શાહે જેડીએસ નેતા પ્રજ્વલ રેવન્ના સાથે જોડાયેલા મામલામાં કર્ણાટક સરકાર (કોંગ્રેસ)ને ઘેરી હતી. તેમણે કહ્યું, "આ મામલામાં ભાજપનું વલણ સ્પષ્ટ છે. અમારી પાર્ટી દેશની માતૃશક્તિ સાથે છે. હું કોંગ્રેસને પૂછવા માંગુ છું કે ત્યાં કોની સરકાર છે? ત્યાં કોંગ્રેસની સરકાર છે. તેઓએ કેમ કોઈ પગલાં લીધાં નથી. આ મામલે અત્યાર સુધી રાજ્ય સરકારે કાર્યવાહી કરવી જોઈતી હતી અને અમારી ભાગીદાર પાર્ટી જેડીએસ પણ તેનું સમર્થન કરે છે, જેમાં યોગ્ય પગલાં લેવામાં આવશે.કહેવાય છે કે કબજે કરવામાં આવેલ પેન ડ્રાઈવ્સમાં ૨૮૦૦ની આસપાસ અશ્લિલ ઓડિયો વીડિયો કિલપ્સ અને અશ્લીલ તસવીર છે તમામ કિલપ્સમાં અવાજ પ્રજવલ રેવન્નાનો હોવાનું કહેવાય છે કેટલીક મહિલાઓની સાથે જબરજસ્તી પણ બતાવાઈ છે.જોકે મોટાભાગની મહિલાઓ જે પ્રજવલ રેવન્નાની શિકાર બની તે વિરોધ કરી શકી નહીં એ આરોપ પણ લગાવવામાં આવી રહ્યાં છે કે આ વીડિયોને પ્રજવલે ખુદ રેકોર્ડ કરી મહિલાઓને બ્લેકમેલ પણ કરી હતી

## જમ્મુ-કાશ્મીરમાં આફત બન્યો વરસાદ,ભૂસ્ખલનથી મોટુ નુકસાન

જમ્મુ,

આ સમયગાળા દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. આ જ કારણ છે કે પહાડો પરથી માટી ખસવા લાગી છે. જેના કારણે કેન્દ્રશાસિત પ્રદેશમાં ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રણ ડઝનથી વધુ મકાનો ધરાશાયી થયા છે અને ઘણા ધરાશાયી થવાના આરે છે. બારામુલ્લા, કિશ્તવાડ અને રિયાસી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે.



દરમિયાન, કિશ્તવાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે ૧૨ મકાનોને નુકસાન થયું હતું, જેના કારણે અધિકારીઓને ડિઝાસ્ટર રિસ્પોન્સ મશીનરીને હાઈ એલર્ટ પર રાખવાની ફરજ પડી હતી. આ સંદર્ભે, એક સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર દિવસથી આ વિસ્તારમાં ભારે વરસાદ વચ્ચે વહીવટીતંત્રે ડિઝાસ્ટર રિસ્પોન્સ મશીનરીને હાઈ એલર્ટ પર મૂકી દીધી છે. તેમણે કહ્યું કે નાગસેની, મુગલમેદાન અને કિશ્તવાડ વિસ્તારોમાં લગભગ એક ડઝન મકાનોને નુકસાન થયું છે.

હવામાન વિભાગે મોટાભાગના વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. આજે કાશ્મીરમાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કાશ્મીરમાં યોજાનારી જુનિયર આસિસ્ટન્ટ પ્રકારની પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર હાઈવે અંગે અધિકારીઓએ મુસાફરોને સલાહ આપી છે કે જ્યાં સુધી કાટમાળ સાફ ન થાય ત્યાં સુધી હાઈવે પર મુસાફરી કરવાનું ટાળે.

ઘણા પહાડી અને દુર્ગમ વિસ્તારોમાં રસ્તાઓ તૂટવાને કારણે અને ભૂસ્ખલનને કારણે, તેઓ તેમના જિલ્લા મુખ્યાલયથી કપાઈ ગયા છે. કિશ્તવાડ જિલ્લામાં રેડ એલર્ટ છે. ડોડા, રામબન અને ગુલાબગઢમાં નદીઓ અને નાળાઓમાં ચાર લોકો વહી ગયા હતા, જેમાંથી બેના મૃતદેહ મળી આવ્યા છે. ભૂસ્ખલન, મકાન ધરાશાયી અને લપસી જવાને કારણે બસ ખાઈમાં પડી જતાં ૧૨ બાળકો સહિત ૨૨ લોકો ઘાયલ થયા હતા.

હવામાન વિભાગે મંગળવારે પણ મોટાભાગના વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. કાશ્મીરમાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કાશ્મીરમાં યોજાનારી જુનિયર આસિસ્ટન્ટ પ્રકારની પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી છે.

## કોવિશિલ્ડ નિર્માતા એસ્ટ્રાઝેનેકાએ સ્વીકાર્યું કે રસી લોહીના ગંઠાવાનું કારણ બની શકે છેઃ રિપોર્ટ

નવીદિલ્હી,

યુકેની પ્રખ્યાત ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ યુકેની કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેમની કોવિડ -૧૯ રસી લોકોમાં ટીટીએસ જેવી આડઅસર કરી શકે છે. કોવિડ-૧૯ રસી થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (ટીટીએસ) નામની દુર્લભ આડઅસર પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમના કારણે શરીરમાં લોહીના ગંઠાવાનું નિર્માણ થઈ શકે છે જે પાછળથી સ્ટ્રોક અથવા કાર્ડિયાક અરેસ્ટ જેવી ઘટનાઓનું કારણ બને છે.

ગયા વર્ષે જેમી સ્કોટ નામના વ્યક્તિએ એસ્ટ્રાઝેનેકા સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી કારણ કે તે લોહીના ગંઠાઈ જવાથી પીડાય છે. સ્કોટે માહિતી આપી છે કે એપ્રિલ ૨૦૨૧ માં રસી લીધા પછી, તેના મગજમાં લોહી ગંઠાઈ ગયું અને રક્તસ્ત્રાવ શરૂ થયો, જેના કારણે મગજમાં કાયમી ઈજા થઈ અને તે કામ કરી શકતો નથી. મે ૨૦૨૩ માં કંપનીએ જણાવ્યું હતું કે તેઓ સ્વીકારતા નથી કે ટીટીએસ સામાન્ય સ્તરે રસી દ્વારા પ્રેરિત છે.

એસ્ટ્રાઝેનેકાએ કોવિશિલ્ડ રસી બનાવવા માટે ઓક્સફોર્ડ યુનિવર્સિટી સાથે સહયોગ કર્યો હતો. હાલમાં કંપની કહ્યું કે તેમની રસીના કારણે મૃત્યુ થયા છે અને જેઓએ રસી લીધી છે તેમને ગંભીર નુકસાન થયું છે. કોર્ટમાં સબમિટ કરવામાં આવેલા કાનૂની દસ્તાવેજમાં એસ્ટ્રાઝેનેકા ફાર્માસ્યુટિકલ કંપનીએ જણાવ્યું હતું કે રસી, ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં ટીટીએસનું કારણ બની શકે છે, ધ ટેલિગ્રાફે અહેવાલ આપ્યો છે. કંપનીએ કહ્યું છે કે આનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.યુકેની કોર્ટમાં દાખલ કરાયેલા મુકદમામાં પીડિત વ્યક્તિઓ અને તેમના પરિવારો લગભગ ૧૦૦ મિલિયનના વળતરની માંગ કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે સત્ય અમારી સાથે છે અને અમે હાર માનીશું નહીં.એસ્ટ્ઝેનેકાએ રસી આપવા માટે વૈશ્વિક સ્તરે સૌથી મોટી વેક્સિન ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ) સાથે પણ સહયોગ કર્યો હતો.

## અમિત શાહ એડિટેડ વીડિયો કેસમાં ગુજરાતમાંથી ૨ લોકોની ધરપકડ, એક તો ધારાસભ્યનો પીએ નીકળ્યો

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના એડિટેડ વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે.અમિત શાહના વીડિયો એડિટ કરી વાયરલ કરવા મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૨ લોકોની ધરપકડ કરી છે.એક આરોપી ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો પીએ સતીશ વસાણી હોવાનું ખુલ્યુ છે. તો બીજો આરોપી આપનો કાર્યકર આર.બી બારૈયા હોવાનું સામે આવ્યુ છે. આરોપીઓએ પાલનપુર અને લીમખેડાની સભામાં વીડિયો એડિય અને વાયરલ કર્યા હતા.

સાયબર ક્રાઈમે આઈપી એડ્રેસના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં આ ફેક વીડિયો આરબી બારૈયાના ફેસબુક એકાઉન્ટના સંચાલક સાથે સંકળાયેલો હતુ.જેનું કનેકશન આમ આદમી પાર્ટી અને જિગ્નેશ મેવાણીનો પીએ સતીશ વસાણી હોવાનું ખુલ્યુ છે.

આ વીડિયો કોના કહેવાથી એડિટ કરવામાં આવ્યો અને વાયરલ કરવામાં આવ્યો તેની માહિતી પ્રાપ્ત થઈ નથી. આ ફેક વીડિયોની તપાસ ૩ અલગ અલગ રાજયના સાયબર ક્રાઈમ દ્વારા કરવામાં આવી છે.આ ઉપરાંત એક સાથે ૨ અલગ અલગ જગ્યાએથી આ વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે.

## ઈલોન મસ્કની ચીન મુલાકાત સફળ સાબિત થઈ, ટેસ્લા પર પ્રતિબંધ હટાવાયા

બીજીંગ,

વિશ્વના ત્રીજા સૌથી ધનવાન વ્યક્તિ ઈલોન મસ્ક માટે તેમની અચાનક લીધેલી ચીનની મુલાકાત ઉપયોગી નિવડી હોવાનું દેખાઈ રહ્યું છે. ચીને તેમના દેશમાં ટેસ્લા કાર પર લાદવામાં આવેલા તમામ નિયંત્રણોને દૂર કર્યા છે. તેનું મુખ્ય કારણ છે કે ટેસ્લા ડેટા સુરક્ષા (ડેટા સિક્યોરિટી) નિયમોના પાલનની મુખ્ય પરીક્ષાઓ પાસ કરી ચૂકી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ચીને ટેસ્લા કાર પર ડેટા સિક્યોરિટીનું કારણ આપીને અનેક નિયંત્રણો લગાવ્યા હતા.

ડેટા સિક્યોરિટી લીક અને અન્ય કારણોસર ચીને સરકારી ઈમારતો તેમજ લશ્કરી મથકોમાં ટેસ્લા કારના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. ચીને ટેસ્લા કાર પરના તમામ પ્રતિબંધો હટાવી દીધા છે. ઈલોન મસ્ક માટે આ એક મોટા રાહતના સમાચાર છે.

ઈલોન મસ્કની ચીનની મુલાકાત પછી તરત જ, ચાઈના એસોસિએશન ઓફ ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ અને નેશનલ કોમ્પ્યુટર નેટવર્ક ઈમરજન્સી રિસ્પોન્સ ટેકનિકલ ટીમે સોમવારે ઈન્ટેલિજન્ટ કનેક્ટેડ વાહનોના ૭૬ મોડલની યાદી બહાર પાડી હતી. ટેસ્લાએ દેશના ડેટા સુરક્ષા પરીક્ષણો પાસ કર્યા છે. ઉલ્લેખનીય છે કે ગત રવિવારે એલન મસ્ક ચીનની મુલાકાતે અચાનક બેઈજિંગ પહોંચી ગયા હતા.

ટેસ્લાના વડા ઈલોન મસ્ક આ મહિને ૨૧-૨૨ એપ્રિલના રોજ ભારત આવવાના હતા, પરંતુ અચાનક તેમણે તેમની મુલાકાત રદ કરી દીધી. તેણે તેના ટ્વિટર હેન્ડલ પર પણ આ માહિતી શેર કરી છે. પરંતુ ભારતનો પ્રવાસ મુલતવી રાખ્યાના એક સપ્તાહ બાદ જ તેઓ અચાનક ચીનની મુલાકાતે ગયા હતા અને ઈલોન મસ્કે પોતાની એક્સ પોસ્ટમાં એક વીડિયો શેર કર્યો હતો અને કહ્યું હતું કે હું ચીનનો ઘણો મોટો પ્રશંસક છું. તેણે ચીનના વડાપ્રધાન લી કિઆંગ સાથેનો પોતાનો એક ફોટો પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.માહિતી મુજબ, નવેમ્બર ૨૦૨૩ માં શરૂ થયેલા ટ્રાયલ્સમાં કારનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

## લગ્નની કંકોત્રીમાં પીએમનું નામ લખવું યુવકને ભારે પડયું : ચૂંટણી પંચે પગલા લીધા

બેંગ્લોર

એક યુવકને તેના લગ્નના કાર્ડ પર પીએમ મોદીનું નામ છાપવું મોંઘુ સાબિત થયું. જયારે આ માહિતી ચૂંટણી પંચ સુધી પહોંચી તો ટીમ લગ્નના ચાર દિવસ પહેલા વરરાજાના ઘરે પહોંચી હતી. ચૂંટણી પંચને વરરાજાનો ખુલાસો ગમ્યો નથી. તેણે વરરાજાની આ હરકત સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. આ આખી ઘટના કર્ણાટકના પુત્તુર તાલુકાના ઉપ્પિનંગડી વિસ્તારની છે.અહીં એક યુવકે પોતાના લગ્નના આમંત્રણ કાર્ડમાં પીએમ મોદીના નામનો ઉપયોગ કર્યો હતો. જે બાદ વર અને તેના લગ્ન વિવાદમાં આવ્યા હતા. આ ઘટનાને લઈને રાજયમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે. વરરાજાએ આમંત્રણ કાર્ડ પર ટેગલાઈન લગાવી હતી. જેમાં લખ્યું હતું- જો તમે નવા કપલને ગિફટ આપવા માંગો છો તો સૌથી મોટી ગિફટ મોદીને ફરી એકવાર વડાપ્રધાન તરીકે પસંદ કરવા છે. ચૂંટણી પંચે આ ટેગલાઈનને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવી છે. આમંત્રણ કાર્ડ મેળવનાર વરરાજાના સંબંધીએ આ બાબતે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ આ સમગ્ર હોબાળો શરૂ થયો હતો.છોકરાના લગ્ન ૧૮ એપ્રિલના રોજ થયા હતા. દરમિયાન, ફરિયાદના આધારે, ચૂંટણી પંચના અધિકારીઓએ ૧૪ એપ્રિલે પુત્તુર તાલુકામાં વરરાજાના ઘરે મુલાકાત લીધી હતી. વરરાજાએ પોતાના બચાવમાં કહ્યું હતું કે ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલા ૧ માર્ચે આમંત્રણ કાર્ડ છપાયા હતા. તેણીએ એ પણ સ્પષ્ટ કર્યું કે ટેગલાઈન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરવા અને રાષ્ટ્રીય હિતમાં લખવામાં આવી છે. વરરાજાની સ્પષ્ટતા છતાં, ચૂંટણી પંચે ૨૯ એપ્રિલે ઉપિનંગડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ ઉપરાંત આમંત્રણ છાપનાર પ્રેસ માલિકની પણ ચૂંટણી પંચ અને પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે.

## અમેરિકામાં ગેંગસ્ટરને પકડવા ગયેલી પોલીસ પર અંધાધૂંધ ફાયરિંગ, ૩ અધિકારીનાં મોતથી ખળભળાટ

વોશિગ્ટન,

અમેરિકામાં ફરી એકવાર ફાયરિંગની ઘટનાએ ખળભળાટ મચાવી દીધો છે. નોર્થ કેરોલિનામાં વોન્ટેડ ક્રિમિનલ્સને પકડવા માટે વોરંટ બજાવવા ગયેલા પોલીસ અધિકારીઓ પર અંધાધૂંધ ગોળીબારની ઘટના બની હતી જેમાં ત્રણ અધિકારીઓ માર્યા ગયા હતા. ફાયરિંગની આ ઘટનામાં અન્ય ચાર લોકો ઘાયલ પણ થયા છે. પોલીસે જણાવ્યું હતું કે આ તમામ પોલીસ અધિકારીઓ હથિયાર રાખવાના આરોપમાં વોન્ટેડ ગુનેગારનું વોરંટ બજાવવા ગયા હતા.ચાર્લોટ-મેકલેનબર્ગ પોલીસના વડા જોની જેનિંગ્સે જણાવ્યું હતું કે જ્યારે અમેરિકાની માર્શલ્સ ટાસ્ક ફોર્સના અધિકારીઓ વોરંટ સાથે શંકાસ્પદના ઘરે પહોંચ્યા ત્યારે આ ગોળીબારની ઘટના બની હતી. ઘટનામાં ચાર પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા. જ્યારે અન્ય પોલીસ અધિકારીઓ તેમને બચાવવા પહોંચ્યા ત્યારે બીજા શંકાસ્પદ હુમલાખોરે તેમના પર પણ ગોળીબાર કર્યો હતો, જેમાં ત્રણ પોલીસ અધિકારીઓનાં મોત થયા. પોલીસે એક હુમલાખોરને પણ ઠાર માર્યો હતો.પોલીસ વડાએ કહ્યું કે આજે અમે કેટલાક નાયકોને ગુમાવી દીધા. જેનિંગ્સે કહ્યું કે ગોળીબારની ઘટના બાદ ઘરમાં એક મહિલા અને ૧૭ વર્ષીય એક વ્યક્તિ મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. અમેરિકન માર્શલ્સ સર્વિસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં પુષ્ટિ કરી છે કે ઉત્તર કેરોલિનાના ચાર્લોટમાં એક ભાગેડુ ગુનેગારને પકડવા માટેના ઓપરેશન દરમિયાન ડેપ્યુટી યુએસ માર્શલની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અન્ય કેટલાક માર્શલ્સ સર્વિસ ટાસ્ક ફોર્સના સભ્યો અને સ્થાનિક અધિકારીઓને પણ ગોળી મારી દેવામાં આવી હતી.

## અબુઝમાડના જંગલમાં ભારતીય સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ, ૬ નક્સલી ઠાર

બસ્તર,

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાંથી નક્સલી એન્કાઉન્ટરના મોટા સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના અબુઝમાડ જંગલમાં મંગળવારે સવારથી ભારતીય સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ભારે ગોળીબાર ચાલુ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ એન્કાઉન્ટરમાં ડીઆરજી અને એસટીએફ ટીમને મોટી સફળતા મળી છે, ફાયરિંગમાં ૬ નક્સલવાદીઓ માર્યા ગયા છે.બસ્તરના આઈજીપી સુંદર રાજથી લઈને એસપી પ્રભાત કુમાર આ એન્કાઉન્ટર પર નજર રાખી રહ્યા છે. જંગલમાં નક્સલવાદીઓ છુપાયા હોવાના સમાચાર પણ ઘણી જગ્યાએ જવાનો દ્વારા ઘેરાયેલા છે. નક્સલવાદીઓ સાથે ડીઆરજી અને એસટીએફના જવાનો વચ્ચે અથડામણ હજુ પણ ચાલુ છે. જણાવી દઈએ કે ગઈકાલે (સોમવારે) સુકમાના સલાતોંગ વિસ્તારમાં ભારતીય સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે લાંબી અથડામણ થઈ હતી. આ એન્કાઉન્ટરમાં ભારતીય જવાનોએ એક નક્સલવાદીને ઠાર માર્યો હતો.

## કેરળ, ઝારખંડમાં બર્ડ ફ્લૂના કેસ દેખાયા, સાવચેતી રાખવા સલાહ

નવીદિલ્હી,

કેરળ, ઝારખંડમાં બર્ડ ફ્લૂના કેસ દેખાતા સ્વાસ્થ્ય મંત્રાલય સાવચેત બની ગયું છે અને ભારતમાં અને વૈશ્વિક સ્તરે - એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (બર્ડ ફ્લૂ) અને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારીઓ પર દેખરેખ વધારવાનું સૂચન કર્યું છે.નાના બાળકો અને વૃદ્ધોને મોસમી ઈન્ફ્લ્યુએન્ઝાના કિસ્સામાં સૌથી વધુ સંવેદનશીલ જૂથ તરીકે ઓળખવામાં આવ્યા છે. મંત્રાલયે કહ્યું, તે મોસમી ઈન્ફ્લ્યુએન્ઝા અને બર્ડ ફ્લૂ બંનેના સંબંધમાં પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યું છે; અને હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે.મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારોને એચ૧એન૧ કેસ સાથે કામ કરતા આરોગ્યસંભાળ કાર્યકરોની રસીકરણની ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે.

ભારતમાં, ઝારખંડ જેવા કેટલાક રાજ્યોમાં બર્ડ ફ્લૂ ફાટી નીકળ્યાના અહેવાલો છે. રાજ્યની રાજધાની રાંચીમાં, પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મના બે ડોકટરો અને છ સ્ટાફને અલગ રાખવામાં આવ્યા છે. નિવારક પગલાં તરીકે, અંદાજે ૧,૭૪૫ ચિકન, ૪૫૦ બતક અને ૧,૬૯૭ ઈંડાનો સાવચેતીના પગલા તરીકે નિકાલ કરવામાં આવ્યો છે.હાઈલી પેથોજેનિક એશિયન એવિયન ઈન્ફલ્યુએન્ઝા- જેને એએચ૧એન૧ વાયરસ કહેવાય છે - મુખ્યત્વે પક્ષીઓને ચેપ લગાડે છે પરંતુ તે મનુષ્યોમાં પણ સંક્રમિત થઈ શકે છે. ચેપગ્રસ્ત પક્ષીઓ અથવા દૂષિત વાતાવરણ સાથે નજીકનો સંપર્ક એ પ્રસારણનું મુખ્ય માધ્યમ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુએસએના વિવિધ રાજ્યોમાં પશુઓ અને દૂધમાં એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ જોવા મળ્યાના અહેવાલો છે.આ પછી, વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રવિવારે આરોગ્ય સેવાઓના મહાનિર્દેશકની અધ્યક્ષતામાં એક વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સ મહારાષ્ટ્ર રાજ્ય સરકારના અધિકારીઓ સાથે હતી.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન એ જણાવ્યું હતું કે, ૨૦૦૭ થી એએચ૧એન૧ વાયરસના માનવ-થી-માનવ ટ્રાન્સમિશનના કોઈ અહેવાલ નથી. વાયરસથી દૂષિત દૂધ પીવાથી મનુષ્યો માટેના જોખમને સમજવા માટે તપાસ ચાલુ છે. અધિકારીઓએ માત્ર પાશ્ચરાઈઝ્ડ દૂધના વપરાશની ભારપૂર્વક સલાહ આપી છે.સ્વાસ્થ્ય મંત્રાલયે તેની એડવાઈઝરીમાં કહ્યું છે કે, દૂધને ઉકાળવા અને માંસને યોગ્ય રીતે રાંધવા જેવી પ્રેક્ટિસ માનવમાં વાયરસના સંક્રમણને રોકવામાં મદદ કરશે.બીજી બાજુ, મોસમી ફ્લૂના કેસ સાથે કામ કરવા માટે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને દર્દીઓનું વર્ગીકરણ, સારવાર પ્રોટોકોલ અને વેન્ટિલેટરી મેનેજમેન્ટ પરની પ્રક્રિયાઓ પ્રદાન કરવામાં આવી છે.એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ નેટવર્ક દ્વારા વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મોસમી ઈન્ફ્લ્યુએન્ઝાની સ્થિતિ પર રિયલ-ટાઈમ આધારે નજર રાખી રહ્યું છે. જ્યારે મોસમી ઈન્ફલ્યુએન્ઝા વાઈરસને કારણે થતો તીવ્ર શ્વસન ચેપ છે; ઈન્ફલ્યુએન્ઝા એ અથવા એચ૧એન૧ નો પ્રથમ કેસ ૨૦૦૯ માં મળી આવ્યો હતો.દર વર્ષે, ભારતમાં મોસમી ઈન્ફ્લ્યુએન્ઝાના બે શિખરો જોવા મળે છેઃ એક જાન્યુઆરીથી માર્ચ સુધી અને બીજું ચોમાસા પછીની ઋતુમાં. અધિકારીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં દેશના કોઈપણ ભાગમાં મોસમી ફ્લૂના કેસોમાં કોઈ અસામાન્ય ચિંતાજનક વધારો થયો નથી.

## સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાન પહોંચાડતો, મૂળ જામનગરના એક શખ્સની દિલ્હીથી ધરપકડ

અમદાવાદ,

પાકિસ્તાની આર્મી અથવા એજન્ટ સાથે મળીને ભારતીય આર્મીની ગુપ્ત માહિતી અને જમ્મુ-કાશ્મીર એરપોર્ટની માહિતી મોકલવાના કાવતરામાં મદદ કરનાર જામનગરના એક આરોપીની ગુજરાત એટીએસની ટીમે ધરપકડ પૂછપરછ હાથ ધરી છે. ગુજરાત એટીએસે થોડા સમય પહેલા આણંદના તારાપુર ખાતે રહેતા લાભશંકર દુર્યોધન મહેશ્વરી જાસૂસીના કેસમાં ધરપકડ થઈ હતી.જે ગુનામાં સામેલ મૂળ જામનગરના આરોપી સકલૈન ઉમર દાઉદની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. જામનગરના ભાડેલા માતમ ચોકમાં રહેતા સકલૈન ઉમર દાઉદની એટીએસએ ધરપકડ કરી છે. આ સમગ્ર કૌભાંડમાં સકલૈનની મુખ્ય ભૂમિકા સામે આવી છે.સકલૈન જે સીમકાર્ડ ખરીદ્યુ હતું તે પાકિસ્તાન પહોંચ્યું હતું. સકલૈને સિમકાર્ડ ખરીદ્યા બાદ જામનગરના અસગર આજીભાઈ મોદી ને આપ્યું હતું. અસગરે સિમકાર્ડ તેના ફોનમાં એક્ટિવેટ કર્યુ હતું. આ સિમમાં વોટ્સ એપ અપડેટ કરવા માટે આરોપીઓએ આણંદના તારાપુર ખાતે રહેતા લાભશંકર દુર્યોધન મહેશ્વરીને મોકલી આપ્યું હતું. સીમકાર્ડમાં વોટ્સએપ એક્ટિવેટ કરવા માટેનો ઓટીપી તેની પાસેથી પાકિસ્તાનમાં બેઠેલા વ્યક્તિને મોકલ્યો હતો. સકલૈન ઉમર દાઉદનો સિમકાર્ડ ખરીદવામાં રોલ હોવાની વિગતો તપાસમાં સામે આવી છે.સીમકાર્ડમાં વોટ્સએપ અપડેટ કર્યા બાદ પાકિસ્તાની એજન્ટને મોકલવામાં આવ્યું હતું. આ સીમકાર્ડનો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સે કર્યો અને જમ્મુ-કાશ્મિર ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ખાતે સિપાહી તરીકે ફરજ બજાવતા સંતોષકુમાર ઉર્ફે સિન્ટુ સિતારામ ભાટીયા જવાનને એકઝામ અપડેટ ૨૦૨૨-૨૩ ના મેસેજની આડમાં માલવેર વાયરસ મોકલ્યો હતો. એરફોર્સ, જવાને મેસેજને ઓપન કરતા જ તેના ફોન ના એકસેસ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સ પાસે આવી ગયા હતા.જે સીમકાર્ડ ના વોટ્સએપ નંબર નો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા આર્મી જવાન, જાસૂસ કે આમીના એજન્ટ દ્વારા એરફોર્સ જવાનના ફોનનો એકસેસ મેળવવા માટે થયો હતો. એરફોર્સ જવાનના ફોનના એકસેસ મેળવી આરોપીઓએ અનઅધિકૃત રીતે કમ્પ્યુટર રિસોર્સમાં પ્રવેશ મેળવી ભારતીય આર્મીની ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આમ સુરક્ષાને જોખમમાં નાંખવાના ઈરાદાથી થયેલા ગંભીર ગુના અંગે ગુજરાત એટીએસએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આ ગુનામાં અસગર, લાભશંકર અને મો.સકલૈન સહિત ત્રણ આરોપી પકડાયા છે. અન્ય ફરાર આરોપીઓને પકડવા માટે એટીએસ દ્વારા વધુ તપાસ ચાલુ છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# ડાકોરના વેપારીઓ દ્વારા મતદાનને પ્રોત્સાહન આપવા વિવિધ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂટંણી ૨૦૨૪ અન્વયે મતદાનને પ્રોત્સાહન આપવા અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.ત્યારે ખેડા જીલ્લામાં મતદાન ઉંચુ લાવવાના આ પ્રયાસોમાં વેપારીવર્ગ પણ પાછળ નથી. ૦૭મી મેના રોજ મતદાન કરનાર મતદાર ગ્રાહકોને ડાકોર વેપારીઓ દ્વારા વિભિન્ન ચીજવસ્તુઓનાં વેચાણ પર ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે.જેમાં ડાકોરના દત સિલેકશન દ્વાર ૦૫ %, રત્નદિપ સિલેકશન દ્વારા ૧૦ %, ગાયત્રી સિલેકશન દ્વારા ૧૫%, ઓમ ફુટવેર દ્વારા ૧૫%, નારંગ મેડિકલ સ્ટોર દ્વારા ૧૦%, નારાયણ ફુટવેર દ્વારા ૦૫%, ઓસો રેડીમેડ દ્વારા ૧૦%, ગુજરાત ટુલ્સ દ્વારા ૦૨%, જય મેડિકલ સ્ટોર દ્વારા ૧૦%, નરેશ કાપડ ભંડાર દ્વારા ૧૦%, રાધે ગારમેન્ટ્સ દ્વારા ૦૫%, પ્રેમા રેડીમેડ દ્વારા ૨૦%, પ્રેમા લેડીઝ વેર દ્વારા ૧૦%, ભગવતી રેડીમેડ દ્વારા ૧૦%, પ્રસંગ ફેશન હાઉસ દ્વારા ૧૦%, બંસરી ફૂટવેર દ્વારા ૧૫%, રણછોડરાય સ્ટીલ સેન્ટર દ્વારા ૦૨%, શકુંતલ રેડીમેડ દ્વારા ૦૨%, દીપ સિલેકશન દ્વારા ૦૩%, શિવ શક્તિ ડેરી દ્વારા ૦૨%, પાર્થ



પ્લાયવુડ દ્વારા ૦૨%, ગાયત્રી મેડિકલ સ્ટોર દ્વારા ૦૫%, રણછોડરાય ગ્લાસ સ્ટોર દ્વારા ૦૨%, એમિટેશન દ્વારા ૦૨%, ફોન વાલે દ્વારા ૦૨%, જય મહાકાલી ડેરી દ્વારા ૦૨%, ખોડીયાર મોબાઈલ શોપ દ્વારા ૦૨%, ગાયત્રી મોબાઈલ દ્વારા ૦૨%, દ્રષ્ટિ ફુટવેર દ્વારા ૦૨%, ખાંડવેલ ચશ્મા ઘર દ્વારા ૦૩%, ઉષા ઈલેકટ્રીક દ્વારા ૦૨%, પાર્થિવ સ્પોર્ટ્સ દ્વારા ૦૨%, સુપર સીટ કવર દ્વારા ૦૨%, ચારભુજા સ્ટીલ દ્વારા ૦૨%, ગુજરાત સ્ટોર દ્વારા ૦૨%, તોશી શોપ દ્વારા ૦૨%, માસ્ટર મોબાઈલ દ્વારા ૦૨%, ઝંખના નોવેલ્ટી દ્વારા ૦૨%, શાહ અલ્પેશ દ્વારા ૦૨%, રાધે ગીતા શોપ દ્વારા ૦૨%, ગુરૂકૃપા ઈલેક્ટ્રીક દ્વારા ૦૨%, અંબિકા મેડિકલ સ્ટોર દ્વારા ૦૨%, એંજલ ગારમેન્ટ્સ દ્વારા ૧૦%, સ્ટાઈલસ પીક દ્વારા ૩૦%, રામ ટ્રેડર્સ દ્વારા ૦૨%, એસ મોબાઈલ શોપ દ્વારા ૧૫%, પહેરણ દ્વારા ૦૨%, અવધુત સારી દ્વારા ૦૨%, અર્જુન બુટ હાઉસ દ્વારા ૦૨%, ખાંડેલવાલ સ્ટોર દ્વારા ૦૨%, ક્રિષ્ના ડેરી દ્વારા ૦૩%, જલારામ ડેરી દ્વારા ૦૨%, આર એસ ખંજરીવાલા દ્વારા ૦૨%, અમુલ પાર્લર દ્વારા ૦૨%, નારાયણ મોબાઈલ દ્વારા ૦૫%, કોમલ સારી દ્વારા ૦૨%, ગોમતી ભંડાર દ્વારા ૦૫%, ચોલી સારી ડ્રેસ દ્વારા ૦૩%, અનિલ એમ્પોરિયલ દ્વારા ૦૨%, ગણેશ કિરાણા દ્વારા ૦૨%, વિજય બુક સ્ટોર દ્વારા ૦૪%, ઉમા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ૦૨%, નાથ સ્ટીલ સેન્ટર દ્વારા ૦૨%, કિવ્સ મેન્સવેર દ્વારા ૦૫%, જય રણછોડ માર્કેટ દ્વારા ૦૫%, હુસેની સ્ટોર દ્વારા ૦૫%, જય જલારામ નોવેલ્ટી દ્વારા ૦૫%, એ આર ટોયઝ દ્વારા ૦૨%, ગાયત્રી ફોટોસ દ્વારા ૦૨%, જવાહર સ્વીટ્સ દ્વારા ૦૫%, જય રણછોડ સ્વીટ્સ દ્વારા ૦૫%, હરિ ઓમ મગસવાલા દ્વારા ૦૨%, સુખડિયા સ્ટોર દ્વારા ૦૨%, દવે વિઠુલનાથજી દ્વારા ૦૩%, દાદાની દુકાન દ્વારા ૦૩%, ઓમ કુમાર લોખંડ ભંડાર દ્વારા ૦૫%, ઉમેશ લોખંડ ભંડાર દ્વારા ૦૩%, વાસણ ભંડાર દ્વારા ૦૫%, જય રણછોડ અગરબત્તી દ્વારા ૦૨%, જય રણછોડ કોટન સ્ટોર દ્વારા ૦૩%, ભૂમિ ટોયસ દ્વારા ૦૩%, ટોયસ સ્ટોર દ્વારા ૦૫%, બિસ્તાજી મગસવાલા દ્વારા ૦૫%, જય આંબે વોચ દ્વારા ૦૫%, હીના સારીસ એન્ડ ડ્રેસ દ્વારા ૧૦%, ન્યુ મનહર મેડિકલ દ્વારા ૧૦%, એકતા કવર દ્વારા ૫૦%, આનંદ નોવેલ્ટી દ્વારા ૦૫%, ખાંડેલવાલ ફેશન વેર દ્વારા ૦૨%, તિલક ઈલેકટ્રોનિકસ દ્વારા ૦૪%, જય અંબે મેટલ્સ દ્વારા ૦૫%, જી મેટલ્સ દ્વારા ૦૫%, મહાકાલી મેટલ્સ દ્વારા ૧૦%, જલારામ ટ્રેડર્સ દ્વારા ૦૫%, દ્વારકાધીશ વાસણ ભંડાર દ્વારા ૦૨%, હર્ષ બેંગલ્સ દ્વારા ૦૨% , જી બેંગલ્સ દ્વારા ૦૨%, જય રણછોડ સ્વીટ માર્ટ દ્વારા ૦૫% અને માનસી કીરાણા સ્ટોર દ્વારા ૦૨% સહિત કુલ ૧૦૦ દુકાનદારો દ્વારા ૦૭મે ના રોજ મતદાર ગ્રાહકો માટે ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે.

## તા.૦૧-૦૪-૨૦૨૪ ની સ્થિતિએ ખેડા જીલ્લામાં કુલ ૮૭૮૨ મતદારોનો વધારો નોંધાયો

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા. ૦૭ મે ના રોજ મતદાન યોજાનાર છે ત્યારે ખેડા જીલ્લામાં તા. ૦૧-૦૪-૨૦૨૪ની સ્થિતિએ કુલ ૮૭૮૨ મતદારોનો વધારો નોંધાયો છે. હાલ તા.૦૧-૦૪-૨૦૨૪ની સ્થિતિએ ખેડા જીલ્લામાં કુલ ૮,૨૦,૮૨૬ પુરૂષ મતદારો, કુલ ૭,૯૬,૧૧૬ મહિલા મતદારો, કુલ ૯૩ અન્ય મતદારો એમ કુલ ૧૬,૧૭,૦૩૫ મતદારો છે. નવા મતદોરોનો ઉમેરો થતા જીલ્લામાં ૧૮-૧૯ વયજૂથમાં કુલ ૩૯,૭૭૪ યુવા મતદારો, ૨૦-૨૯ની વયજૂથમાં કુલ ૩,૪૭,૬૦૩ મતદારો, ૩૦-૩૯ વયજૂથમાં કુલ ૩,૫૭,૨૦૬ મતદારો, ૪૦-૪૯ની વયજૂથમાં કુલ ૩,૨૮,૫૪૩ મતદારો, ૫૦-૫૯ વયજૂથમાં કુલ ૨,૫૫,૯૫૦ મતદારો, ૬૦-૬૯ની વયજૂથમાં કુલ ૧,૭૧,૯૮૫ મતદારો, ૭૦-૭૯ની વયજૂથમાં કુલ ૮૪,૬૫૦ મતદારો અને ૮૦થી વધુના વયજૂથમાં કુલ ૩૧,૩૨૪ મતદારો નોંધાયા છે. જેમાં વિધાનસભા બેઠક દીઠ ૧૧૫-માતર વિધાનસભા બેઠક પર કુલ ૨,૫૩,૩૧૨ મતદારો, ૧૧૬-નડિયાદ બેઠક પર કુલ ૨,૭૫,૦૫૮ મતદારો, ૧૧૭-મહેમદાવાદ બેઠક પર કુલ ૨,૫૫,૪૨૧ મતદારો, ૧૧૮-મહુધા બેઠક પર કુલ ૨,૫૫,૯૫૭ મતદારો, ૧૧૯-ઠાસરા બેઠક પર કુલ ૨,૭૩,૮૯૧ મતદારો અને ૧૨૦-કપડવંજ બેઠક કુલ પર ૩,૦૩,૩૯૬ મતદારો નોંધાયા છે.

## આઈ.સી.ડી.એસ.નડીઆદ ઘટક-૩ દ્વારાં મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો



નડિયાદ,

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે જીલ્લા ચુંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ખેડા જીલ્લાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સ્વીપ એકટીવીટી અંતર્ગત નડીઆદ ગ્રામ્ય વિસ્તાર આખડોલ પ્રાથમીક શાળા આંગણવાડી કેન્દ્રમા મહિલા મીટિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અને ખાસ કરીને મહિલા મતદાતાઓ દ્વારા મતદાન જાગૃતિ લાવવા માટે રેલી કરી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા અને રંગોળી દોરી મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

## બાલાસિનોરમાં ૪૦ ડિગ્રી ગરમીમાં બજારો સૂમસામ બન્યા



બાલાસિનોર,

બાલાસિનોર નગરમાં ૪૦ ડીગ્રીનો પારો યથાવત રહેતા બજાર સૂમસામ બન્યા છે. ત્યારે વેપારીઓ દ્વારા પોતાની દુકાન આગળ તાડપરીઓ બાધીને છાંયડો કરી રહ્યા છે. ત્યારે તાલુકામાં વિવિધ ગામડાઓમાંથી આવતા ગ્રાહકો સવારના ૧૧ વાગ્યા પહેલાં ખરીદી કરી પરત ઘરે પોહચી જાય છે. ત્યારે બાલાસિનોર નગરમાં છેલ્લા એક અઠવાડિયાથી ૪૦ ડિગ્રી ગરમીનો પારો યથાવત રહેતા ગ્રાહકો સાથે વેપારીઓ પણ ત્રસ્ત થયા છે. ત્યારે ગામડાં માંથી આવતા ગ્રાહકો માટે પાણીની પરબોની વ્યવસ્થાઓ તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગ પણ ઉઠી છે.

## બાલાસિનોર પબ્લિક ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે વાર્ષિક ઉત્સવ યોજાયો



બાલાસિનોર,

બાલાસિનોર અંજુમન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બાલાસિનોર પબ્લિક ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે વાર્ષિક ઉત્સવ યોજાયો હતો. જેમાં નર્સરી થી લઈને આઠ ધોરણ સુધીના બાળકોએ આકર્ષિત કુર્તીઓ રજૂ કરી હતી. જેમાં નર્સરી થી લઈને ધોરણ આઠ સુધી અભ્યાસમાં પ્રથમ હરોળમાં રહેલા વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે અંજુમન એજયુકેશનના ટ્રસ્ટી સમીરભાઈ શેખ, પોલીસ ઈન્સ્પેકટર એમ.વી.ભગોરા,જીગરભાઈ પટેલ, એશ્વર્યાબેન વાઘેલા સહિત ભારે સંખ્યામાં આગેવાનો અને વાલીઓ સાથે અંજુમન એજયુકેશન ટ્રસ્ટના સમસ્ત સ્ટાફગણ ભારે સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા. જયારે બાળકો દ્વારા દેશભકિત, ભાઈચારો અને વૃક્ષ છેદન સંદર્ભમાં કૃતિઓએ આકર્ષણ જણાવ્યું હતું.

## મહીસાગર જીલ્લા કલેકટરની કેપ્ટનશીપમાં મતદાન જાગૃતિ માટે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



લુણાવાડા,

સમગ્ર દેશમાં લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ યોજાઈ રહી છે, તો સાથે સાથે લીગ ક્રિકેટ ટુર્નામિન્ટનો ઉત્સાહ પણ છવાયેલો જોવા મળી રહ્યો છે. ત્યારે જેમ ક્રિકેટમાં પ્રત્યેક રન અને વિકેટ કિંમતી છે, તેમ લોકશાહીના પર્વ ચુંટણીમાં પ્રત્યેક મત કિંમતી છે. માટે સ્વસ્થ લોકશાહી માટે મહત્તમ મતદાનના સંદેશ સાથે મહીસાગર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કલેકટર નેહાકુમારીની કેપ્ટનશીપમાં મતદાન જાગૃતિ માટે મહિલા ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન સ્ટાફ ક્વાટર્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. ટુર્નામિન્ટના પ્રારંભે મતદાર જાગૃતિ પ્રતિજ્ઞાનું વાંચન કરાયું હતું.

આ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં જીલ્લા કલેકટર નેહાકુમારીની કલેકટર કચેરીની મહિલા ટીમ સામે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોરની ટીમ વચ્ચે મેચ યોજાઈ હતી. જેમાં કલેકટર ટીમનો વિજય થયો હતો. જીલ્લા તંત્રના અધિકારીઓ કર્મચારી અને પરિવારજનોની ઉપસ્થિતિમાં વિજેતા ટીમ, રનર્સ અપ ટીમ અને વિમેન ઓફ ધી મેચને જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, અધિક નિવાસી કલેકટર સી.વી.લટાએ ટ્રોફી આપી સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા. આ ટુર્નામિન્ટમાં જીલ્લા તંત્રના મહિલા અધિકારીઓ, કર્મચારીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામિન્ટની પૂર્ણતાએ જીલ્લા કલેકટરએ તમામ સહયોગીઓને અભિનંદન પાઠવતા મતદાતાઓને પ્રત્યેક મતની કિંમત સમજાવી મતદાર જાગૃતિનો સંદેશ પ્રસરાવવા સૌના યોગદાનની અપીલ કરી હતી.

## દે.બારીયા બેંક ઓફ બરોડા શાખામાં કે.વાય.સી. માટે આવતાં ખાતેદારોને ૪૧ ડીગ્રીના તાપમાનમાં લાંબી કતારો જોવા મળે છે.



દે.બારીયા,

દે.બારીયા બી.ઓ.બી. શાખામાં કે.વાય.સી માટે છેલ્લા બે માસથી લાંબી કતારોમાં ઉભા રહેવાનોવારો એ પણ ૪૧ ડિગ્રીના ઉંચા તાપમાનમાં તેના માટે કોણ જવાબદાર છે. તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરની બેંક ઓફ બરોડા શાખામાં હજારોની સંખ્યામાં ખાતેદારોની સંખ્યા હશે. ગતરોજ સુધી કે.વાય.સી. માટે લાંબી કતારોમાં ઉંચા તાપમાનમાં અને ખુલ્લામાં કોઈપણ છાયડાની વ્યવસ્થા કરવામાં આવી નથી. લાંબી કતારોમાંએ પણ ૧૨ કલાકના સમય શાખાની માનતા ગ્રાહકોને ઉભા રાખવા કેટલું વ્યાજબી ગણાશે. આવી મે અને જુનની ૪૧ ડિગ્રીના તાપમાનમાં કોઈપણ ખાતેદાર લથડી પડશે તેના માટેઢ કોની જવાબદારી ગણાશે. તેંવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી બેંક ઓફ બરોડા દે.બારીયા શાખાના આગળ છાયડાની વ્યવસ્થા સાથે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માનતા ગ્રાહકોની માંગ ઉઠવા પામી છે. તેમજ કે.વાય.સી.નો સમયને પણ લંબાવવામાં આવે ત્રણ-ચાર વાગ્યા સુધીનો સમય જો લંબાવી દેવામાં આવે તો ગ્રાહકોને અનુકુળ થશે શું ? આ સંદર્ભે બેંક ઓફ બરોડાના એરીયા મેનેજર ગ્રાહકો માટે આગળ આવશે તે તો આવનારો સમય બતાવશે. રાષ્ટ્રીયકૃત બેંકોની બેંક ઓફ બરોડા શાખામાં કે.વાય.સી.નું કાર્ય ન થવાનું કારણ માત્ર એક વાગ્યા સુધી કે.વાય.સી.નું કાર્ય કરવામાં આવતું હોય છે. સમયમાં વધારો કરવામાં આવે તો મોટી કતારો દેખવા નહી મળી શકે.

## ૧૮૧ ઘોઘંબા તાલુકામાંના એક ગામમાં મહિલાના ફોન આધારે પહોંચી કાઉન્સીલીંગ કરી સમાધાન કરાયું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના એક ગામમાં થી એક મહિલાનો કોલ આવેલ અને જણાવેલ કે, મારા સાસુ મને ઘરમાં શાંતિ થી રહેવા દેતી નથી અને ૬ વર્ષ થી એક પણ બાળક નથી તેથી ગાળો બોલી ધમકી બતાવે અને ઘર માંથી સમાન ફેંકી આપી કાઢી મુકેલ છે. જેને લઈ ૧૮૧ અભયમ ઘટના સ્થળે પહોંચી મહિલાનુ કાઉન્સિલીંગ કર્યું. મહિલાના લગ્ન આશરે ૬ વર્ષ પહેલાં થયા હતા. પરિણીતાએ લગ્ન જીવનમાં દરમિયાન એક પણ સંતાનનો જન્મ આપ્યો નથી. ત્યારે પતિ કહેતા કે બનતી સારવાર કરાવીશ પરંતુ બાળક નહિ હોવાના કારણે તરછોડીશ નહિ અને મહિલાને પૂરો સપોર્ટ પણ કરે છે. સાથે હોસ્પિટલ સારવાર ચાલુ જ છે. જયારે મહિલાના સાસુ સસરાએ વહુ સાથે ઝઘડા કરે અને દિકરાને બીજી વહુ લાવવાનું કહેતાં હતા. આ વહુ બાળકોનો જન્મ આપશે નહીં તેમ કહી તેનો ઘર માંથી સમાન ફેંકી આપેલ અને તેમને કાઢી મૂકવામાં આવ્યા હતા. તેના સસરા નશોકરીને આવી મારી નાખવાની પણ ધમકી આપતા હતા. મહિલાને ખુબજ ત્રાસ ગુજારતી હતી.૧૮૧ અભયમના કાઉન્સેલરે મહિલાના સાસુ સસરાને સમજાવ્યા હતા અને હોસ્પિટલ સારવાર માટે જણાવ્યું હતું. ત્યારબાદ કાયદાકિય જાણકરી આપી સાસુ-સસરા અને વહુ વચ્ચે અસરકારક સલાહ આપી સમાધાન કરાવ્યુ હતું.

## ઝાલોદ પોલીસે એક જ દિવસમાં બે અલગ અલગ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો

ઝાલોદ,

ઝાલોદ નગરમાં કાયદો વ્યવસ્થા જાળવવા સારૂં તેમજ આવનાર લોકસભાની ચુંટણીને લઈ પી.એસ.આઇ. માળી પોતાના પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. ત્યારે ડી.વાય.એસ.પી. પટેલને ખાનગી રાહે બાતમી મળેલ હતી કે, રાજસ્થાનના ડુંગરા તરફથી એક ઓટો રિક્ષા વિદેશી દારૂ લઈઆવી રહેલ છે. તેને લઈ પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી હતી. તેવામાં બાતમીવાળું વાહન રાજસ્થાનના ડુંગરા તરફ થી એક ઓટો રિક્ષા GJ-01-TB-1028 લઈ આવતો હતો અને આ રીક્ષાનું પાયલોટીંગ બે ઈસમો એક્ટિવા GJ-27-FD-7434 કરી રહેલ હતા. પોલીસ દ્વારા વાહન રોકતા ઓટો રિક્ષા માંથી વિદેશી બનાવટનો દારૂ મળી આવેલ હતો. તેથી પોલીસ દ્વારા ઓટો રિક્ષા ચાલક અને એક્ટિવા પર બે ચાલક મળી કુલ ત્રણ વ્યક્તિની અટક કરી હતી. આ ત્રણે ઈસમો અમદાવાદના રહેવાસી હતા. જેમના નામ શાહરૂખ નાશીર પઠાણ, અયુબ ઈમામ શેખ, મો.આરીફ બાબુ સૈયદ હતા. આ ત્રણે ઈસમો પાસેથી પોલીસને ઈંગ્લિશ દારૂની ૪૬૪ બોટલ જેની અંદાજિત કિંમત ૪૦૩૬૮, ઓટો રિક્ષા ૧,૫૦,૦૦૦, એકટીવા ૩૦,૦૦૦ અને બે મોબાઈલ ૮,૦૦૦ થઈ કુલ ૨,૨૮,૩૬૮ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.બીજા એક બનાવમાં ઝાલોદ પોલીસને બાતમીના આધારે રાજસ્થાનના ડુંગરા તરફથી આવતો અતુલ શક્તિ છકડો GJ-20-W-3464 ભંગાર ભરી આવતો હતો. ત્યારે પોલીસ દ્વારા છકડાને રોકી ચેક કરવામાં આવતા ભંગારની નીચે વિદેશી દારૂ મળી આવેલ હતો. તેથી પોલીસ દ્વારા છકડા ચાલક ભરત પ્રકાશ ગોસાઈ (દેલસર,ગોદીરોડ, દાહોદ)ની અટકાયત કરી હતી. છકડા માંથી પોલીસને વિદેશી બિયરની કુલ ૨૮૮ બોટલ જેની કિંમત ૫૦,૦૬૦/-, છકડો ૧,૫૦,૦૦૦/- તેમજ એક મોબાઈલ ૫,૦૦૦ સાથે કુલ ૨,૦૫,૦૬૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ, ઝાલોદ પોલીસને એક જ દિવસમાં બે વિદેશી દારૂના કેસ નોંધી સફળતા મેળવી હતી.

## સોમનાથમાં મોદીને જીતાડવા મહાદેવની વિશેષ મહાપૂજા, ૪૦૦ પારનો સંકલ્પ સિદ્ધ થાય એ માટે પ્રાર્થના

ગીરસોમનાથ,

ગીર સોમનાથ જિલ્લાના જુના પ્રભાસ તીર્થ ખાતે દેવાધિદેવ મહાદેવની વિશેષ આરાધના કરવામાં આવી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૪૦૦ પાર સંકલ્પને સિદ્ધ કરવા માટે વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતુંસમગ્ર ભારત દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે. આ વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અબકી બાર ૪૦૦ કે પારનો સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે.ભાજપ તેમજ સાથી પક્ષોનો ૪૦૦થી વધુ બેઠકો પર વિજય થાય તે માટે આ સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે.ત્યારે પ્રભાસતીર્થમાં જુના સોમનાથ મહાદેવ મંદિર ખાતે સોમપુરા તીર્થ પુરોહિત સમુદાય દ્વારા નરેન્દ્ર મોદીનો સંકલ્પ સાકાર થાય તે માટે મહાદેવની વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વિશેષ મહાપૂજામાં વર્તમાન સાંસદ તેમજ જુનાગઢ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ.......

મેષ: આજે તમે ખૂબ મહેનતુ બનશો. આ તમારી કાર્યક્ષમતામાં વધારો કરશે. આને કારણે તમે કાર્યસ્થળ પર સારું પ્રદર્શન કરશો. ઓફિસમાં પગાર વધારવાની વાત થઈ શકે છે.

વૃષભ: આજે કોઈ મિત્ર અથવા સંબંધીને થોડા પૈસા ઉધાર આપી શકાય છે. આજે તમે બીજાને આર્થિક મદદ કરશો. આજે તમારી કોઈપણ મુશ્કેલ સમસ્યાનું સમાધાન ખૂબ જ સરળતાથી બહાર આવશે.

મિથુન: આજે દિવસના પહેલા ભાગમાં તમને ઓછા પૈસા મળે તેવી સંભાવના છે. જો કે, બાળકને શારીરિક સમસ્યા હોઈ શકે છે જે તમારા તણાવનું કારણ બનશે. પરિવારમાં વાત કરતી વખતે તમારી વાણીમાં સંયમ રાખો.

કર્ક: આજે નોકરી સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરીને દિવસની શરૂઆત થશે. કદાચ આજે તમને પ્રમોશન સંબંધિત કોઈ સારા સમાચાર મળી શકે છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમને આજે કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચાર મળશે.

સિંહ: આજે તમે કોઈ વિરોધીની ટીકા તરફ કોઈ ધ્યાન આપશો નહીં, ફક્ત તમારું કાર્ય ચાલુ રાખો. સફળતા ચોક્કસ મળશે. જમીન-સંપત્તિ સંબંધિત ક્ષેત્રમાં તમને લાભ મળી શકે છે. તમે સામાજિક કાર્યમાં ભાગ લેશો.

કન્યા: આજે તમને તમારી ઓફિસમાં કેટલાક નવા અધિકાર મળી શકે છે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે. સાંજનો સમય જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવામાં ખર્ચવામાં આવશે.

તુલા: જો તમે અન્યની ભાવનાઓને ઓળખો છો અને તે અનુસાર ચાલશો તો તમે સુખી થશો. ધ્યાનમાં રાખો કે કેટલીકવાર અન્યની વાત સાંભળવાનું ટાળવું નહીં.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે. દિવસના પ્રથમ ભાગમાં કેટલાક જરૂરી ફોન કોલ્સ અને ઈ-મેલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે. જો તમે ધંધો કરો છો તો આજનો દિવસ ખૂબ સારો રહેશે.

ધન: આજે તમારી જાતને સાબિત કરવાની ઘણી તક મળશે. તે તકો ઓળખવા અને તેના પર જીવવાની તમારી જવાબદારી છે. એ પણ વિચારો કે તકો ફરીથી બારણું ખખડાવતી નથી.

મકર: કાર્યક્ષેત્રમાં આજે બધી જવાબદારીઓ નિભાવવાની રહેશે. સાંજ સુધીમાં તમારી બધી જવાબદારીઓ આરામથી પૂર્ણ થઈ જશે. આજે ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક પણ મળશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. કોઈ વાદ-વિવાદ અને સ્પર્ધામાં તમે જીતી શકો છો. વ્યવસાય સાથે જોડાવા માટે કોઈની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

મીન: આજે તમે તમારી જૂની બાકી ચૂકવણી કરી શકશો. આજે તમારે કેટલીક આવશ્યક ચીજોની ખરીદી કરવી પડી શકે છે. બાળકોને વધારે ખર્ચ પણ થઈ શકે છે. પરંતુ તમારા ખિસ્સાની વિશેષ કાળજી લો. તમારી જરૂરિયાત મુજબની વસ્તુઓ ખરીદજો.

# ગૃહમંત્રી અમીત શાહની ફેક એડીટર વિડીયો વાયરલ કરવામાં દાહોદ આપ પાર્ટીના જીલ્લા અધ્યક્ષની અમદાવાદ સાઈબર સેલ અટકાયત કરી

દાહોદ,

તાજેતરમાં ગૃહ મંત્રી અમીત શાહના ફેક એડીટેડ વિડીયો વાઈરલ કરવા મામલે અમદાવાદ સાઈબર સેલ દ્વારા દાહોદ જીલ્લાના આમ આદમી પાર્ટીના જીલ્લા અધ્યક્ષ રાકેશસિંહ બારીયા તેમજ તેની સાથેના સતિષ વણસોલાનાઓની અટકાયત કરી હોવાનું જાણવા મળેલ છે. ત્યારે આ બંન્ને નેતાઓ દ્વારા અનામત મેળનાર જાતિઓ તેમજ બીન અનામત મેળવનાર જાતિઓ વચ્ચે વરવિગ્રહ કરવાના ઈરાદાસર જુદા જુદા સોશિયલ મીડીયામાં વિડીયો અપલોડ કરવામાં આવ્યો હતો.

દાહોદ જીલ્લામાં રાજકારણમાં ગરમાવો ફેલાવવા પામ્યો છે અને તેમાંય ખાસ કરીને દાહોદ જીલ્લા આમ આદમી પાર્ટીમાં લોકસભાની ચુંટણી ટાણે સ્તબ્ધતા છવાઈ ગઈ છે. ગૃહ મંત્રી અમીત શાહના ફેક એડીટેડ વિડોયો કરવા મામલે અમદાવાદ સાઈયબર સેલની ટીમ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પોલીસે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં આમ આદમી પાર્ટીના જીલ્લા અધ્યક્ષ રાકેશસિંહ બારીયા તેમજ તેમની સાથેના સતિષ વણસોલાનાઓની અટકાયત કરવામાં આવી છે. પકડાયેલ આ બંન્ને નેતાઓ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે જોડાયેલ છે. તેમજ વિવિધ હોદ્દાઓ પર સક્રિય છે. આ બંન્ને નેતોએ બે સભાઓનો વિડીયો કાપી અનામત મેળવનાર જાતિઓ તેમજ બીન અનામત મેળનાર જાતિઓ વચ્ચે વરવિગ્રહ કરવાના ઈરાદાસર જુદા જુદા સોશિયલ મીડીયામાં વિડીયો અપલોડ કરવામાં આવ્યો હતો. લોકસભાની ચુંટણીમાં અસર પાડવા માટે અસર પાડવા માટે સાયબર સેલ દ્વારા પ્રેસનોટ જાહેર કરવામાં આવી છે. ત્યારે દાહોદ જીલ્લામાં આમ આદમી તેમજ કોંગ્રેસ પાર્ટી દ્વારા લોકસભાની ચુંટણી અંતર્ગત પ્રચારના છેલ્લા અઠવાડિયામાં એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે આવા સમયે આદમી પાર્ટીના દાહોદ જીલ્લાના સેનાપતિ રાકેશસિંહ બારીયાની અટકાયતથી રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે આ અટકાયતના પગલે લોકસભાની ચુંટણીમાં કેવી અસર પડે છે તે જોવાનું રહ્યું છે, પરંતુ દાહોદ જીલ્લાના આમ આદમી પાર્ટીના અધ્યક્ષ દ્વારા ગૃહમંત્રી અમીત શાહના ફેક એડીટેડ વિડીયો વાઈરલ કરવા મામલે જીલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

# દાહોદમાં સ્માર્ટ સીટી અંતર્ગત સોસાયટી નજીક નિર્માણ થતી પાણીની ટાંકીમાં હલ્કી ગુણવત્તાની બુમો ઉઠવા પામી

દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત સોસાયટીની નજીક બની રહેલી પાણીની ટાંકીના નિર્માણમાં હલકી ગુણવત્તા વાળી કામગીરીની બુમો ઉઠતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. કરોડોના ખર્ચે બની રહેલી પાણીની ટાંકીની કામગીરી યોગ્ય ટીતે થાય તેવી માંગ ઉઠવા પામી હતી. ત્યારે આ બાબત જીલ્લા કલેક્ટર પાસે પહોંચતા જીલ્લા કલેક્ટર દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા પાણીની ટાંકીમાં જે માલ મટેરીયલ વાપરવામાં આવી રહ્યો છે. તેના સેમ્પલના નમુના લઈ અને ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે સેમ્પલના નમૂનામાં શું બહાર નીકળીને આવે છે, તો રીપોર્ટ પછીજ ખબર પડશે.



દાહોદ શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ કરોડો રૂપીયાના ખર્ચે શહેરમાં અનેક કાર્યો ચાલી રહ્યા છે, પરંતુ સમગ્ર કામગીરીમાં ભ્રષ્ટાચારની બૂમો ઉઠવા પામી છે. હાલ શહેરમાં નવ કરોડના ખર્ચે ત્રણ અલગ અલગ જગ્યાએ પાણીની ટાંકી અને સંપની કામગીરી ચાલી રહી છે, તે પૈકી ગોધરા રોડ ઉપર ૭૦ ફૂટ ઊંચી બની રહેલી પાણીની ટાંકીની નજીક રહેણાંક સોસાયટી આવેલી છે. એક તરફ શાળા પણ આવેલી છે. ત્યારે કામગીરીમાં વપરાતા મટીરિયલ સામે સોસાયટીના રહીશોએ વાંધો ઉઠાવ્યો છે. કપચી અને રેતીમાં માટી અને પથ્થરો જોવા મળી રહ્યા છે, તો સિમેન્ટ પણ હલકી ગુણવત્તાનો વપરાઈ રહ્યો છે. તેવી ફરિયાદ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં દાહોદ જીલ્લામાં બે સ્થળે અલગ અલગ સરકારની યોજનાઓની પાણીની ટાંકી જમીન સાથે ધારાશાયી થવાના બનાવો પણ બન્યા છે, તે વાત હજુ લોકો ભૂલ્યા નથી. ત્યારે આવી હલકી ગુણવત્તાની કામગીરીથી નજીકમાં રહેતા રહીશોમાં ભય જોવા મળી રહ્યો છે. કોન્ટ્રાકટર અને સ્માર્ટ સીટીના એન્જીનીયરોની મિલીભગતથી નિર્માણાધીન પાણીની ટાંકીમાં વર્કઓર્ડરથી હટીને કામગીરી થઈ રહી હોવાની ફરિયાદ ઉઠતા એજીનિયરો દ્વારા કલેક્ટર સહિતના ઉપલા અધિકારીઓને પણ ગેરમાર્ગે દોરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે. કામગીરીમાં ગુણવત્તા ન જળવાતી હોવા છૂતા પણ તંત્ર દ્વારા ચુપકીદી સેવી કોન્ટ્રાકટરોને મદદરૂપ થઈ રહયા છે. આવી જોખમી કામગીરીથી સ્થાનિકોમાં ભય જોવા મળી રહ્યો છે સરકાર કરોડો રૂપિયા ખર્ચી રહી છે. તેમ છ તાં સ્માર્ટ સીટીની યોજનાઓમાં નબળી કામગીરી જોવા મળી રહી છે. કોન્ટ્રાકટરો અને ઈજનેરો પોતાના ખિસ્સા ભરવા માટે લોકોના જીવ જોખમ મૂકી રહ્યા છે પાણીની ટાંકીની ઉપર કામગીરી કરતાં શ્રમિકો પણ કોઈ પણ જાતની સુરક્ષા વગર ૭૦ ફૂટ ઊંચે કામ કરી રહ્યા છે. ત્યારે સત્તાધીશો કોઈ દુર્ઘટના સર્જાય તેની રાહ જોતાં હોય તેવું લાગી રહ્યું છે ત્યારે સ્થાનિકોની ઉગ્ર માંગ હતીકે તંત્ર દ્વારા કામગીરીનું નિરીક્ષણ કરી યોગ્ય ગુણવત્તાસભર કામગીરી થાય તેવી માંગ ઉઠી હતી. ત્યારે જીલ્લા કલેક્ટર દ્વારા ગોધરા રોડ ઉપર ૭૦ ફૂટ ઉંચી નિર્માણાધીન થતી પાણીની ટાંકીનું ૭૦% કામ પૂર્ણ થતા ફરિયાદો ઉઠવા પામતા તે પાણીની ટાંકીના કામમાં વપરાતા મટેરીયલના સેમ્પલ લઈ અને ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે આવનાર દિવસોમાં શું ખરેખર મટીરીયલ હલકી ગુણવત્તાનું વાપરવામાં આવતું હતું કે, પછી સરકારના ધારાધોરણ મુજબ મટેરીયલ પાણીની ટાંકી બનાવવાના ઉપયોગમાં લેવામાં આવતું હતું. તે તો સરકારના રીપોર્ટ પછીજ જાણવા મળશે.

# વિરપુર બસ સ્ટેન્ડમાં ઉભા કરાયેલ સળિયાઓ મુસાફરો માટે જોખમી

વિરપુર,

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા વિરપુર બસ સ્ટેશન નવીનીકરણ માટેની દરેક પ્રક્રિયા પુર્ણ થતાં જે તે કંપનીને કોન્ટ્રાકટ મળતા તેનુ કાર્ય ચાલુ થયુ છે. પરંતુ કામની શરૂઆતથી કોન્ટ્રાક્ટની નિષ્કાળજી જળવાય રહી છે. કામની શરૂઆત કરતા થાંભલા માટે ખોદવામાં આવેલ દસ ફુટ ખાડામાં ગાય ખાબકી હોવાની ઘટના બની હતી.જયારે હાલના સમય બસ સ્ટેશનની અંદરના ભાગે મુસાફરની અવર જવર કરવાની જગ્યાએ લોખંડના સળિયા અને એંગલ બસ સ્ટેશનના થાંભલા પર દેખાઈ રહી છે. જે ભરચક મુસાફરોની અવર જવરના રસ્તામાં આવેલ હોવાથી મુસાફરો માટે ભય સમાન છે. બસમાં બેસવાની ઉતાળવમાં કે મુસાફર મા-બાપ સાથે આવેલ બાળકને આવતા-જતા વાગી જવાની ભિતી સેવાઈ રહી છે. વહેલી તકે આ લોખંડનો સળિયો તેમજ એંગલ બસ સ્ટેશન મુસાફરોની અવરજવરની જગ્યાએથી હટાવી કોન્ટ્રાકટરના કાર્યક્ષેત્રમાં ખસેડવામાં આવે તે મુસાફરોના હિતમાં છે.

# દાહોદ લોકસભા ચુંટણીને લઈ સરકારી અધિકારી અને કર્મચારીઓએ પોસ્ટલ બેલેટની મતદાન કર્યું

દાહોદ,

દાહોદમાં લોકસભા મતદાનની શરૂઆત થઇ ગઈ લોકસભા ચૂંટણીને લઈને સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ થકી મતદાન કરી લોકશાહીના પર્વમાં જોડાયા તેમના વિસ્તારના ઉમેદવારને પોસ્ટલ બેલેટ થકી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ મત આપી લોકશાહીના પર્વમાં હિસ્સો લીધો



લોકસભા ચૂંટણીનો સંગ્રામ શરૂ થઇ ગયો છે. આજે ગુજરાતભરમાં લોકસભાની ચૂંટણીમાં વ્યસ્ત સરકારી અધિકારીઓ કર્મચારીઓ પોલીસ અધિકારીઓ કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ થકી મતદાન કર્યું હતું. જેમાં દાહોદ જીલ્લાની સરકારી કોલેજો ખાતે યોજાયેલા પોસ્ટલ બેલેટના મતદાનમાં દાહોદ જીલ્લાના પોલીસવડા ડો. રાજદીપસિંહ ઝાલા તાલુકા મથકોના પ્રાંત અધિકારીઓ, મામલતદારો, અલગ અલગ ડિવિઝનોના dyspઓ અલગ અલગ પોલીસ મથકોના પીઆઈઓ પીએસઆઈઓ, SRP જવાનો, સરકારી કર્મચારીઓ, પોલીસ કોન્સ્ટેબલો સહિતના તમામ અધિકારીઓ, કર્મચારીઓએ આજથી શરૂ થયેલા પોસ્ટલ બેલેટ ચૂંટણીમાં લોકસભાની ચૂંટણીમાં પોતાના ઉમેદવારોને મત આપી લોકશાહીના પર્વમાં હર્ષોઉલ્લાસ સાથે જોડાયા હતા. જેમાં દાહોદ જીલ્લામાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓ તેમજ પોલીસ કર્મીઓએ પોસ્ટલ બેલેટથી મત આપી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આગામી સાત મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન થશે. ત્યારે ચૂંટણીની કામગીરીમાં સુરક્ષામાં તૈનાત પોલીસ કર્મચારીઓનો અમૂલ્ય મત બાકી ના રહી જાય તે માટે ચૂંટણી પંચે પોસ્ટલ બેલેટથી મતદાનની વ્યવસ્થા ઉભી કરી હતી. જેના ભાગરૂપે આજે દાહોદ જીલ્લામાં પણ પોસ્ટલ બેલેટ થકી સરકારી કોલેજોમા પોસ્ટલ બેલેટ મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દરેક તાલુકા મથકે યોજાયેલી મતદાન પ્રક્રિયામાં અલગ અલગ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓ તેમજ દાહોદ જીલ્લા પોલીસ વડા સહિત તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ત્યારે હવે વાત પોસ્ટલ બેલેટ થકી એક દિવસમાં થયેલા મતદાનના આંકડા પર નજર કરીએ તો દાહોદ જીલ્લામાં પોસ્ટલ બેલેટ થકી પડેલા મતોમાંઅલગ અલગ વિધાનસભા પ્રમાણે ૧૨૩ સંતરામપુર વિધાનસભામાં કુલ -૩૯૩ મત પડ્યા હતા. જયારે ૧૨૯ ફતેપુરા- વિધાનસભા મથકમાં કુલ ૪૮ મત પડ્યા હતા અને સૌથી વધુ મત ૧૩૦ ઝાલોદ વિધાનસભા ખાતે પડ્યા હતા. જેમાં ૪૩૭ મત ઝાલોદ વિધાનસભામાં પડ્યા હતા, તો ૧૩૧ લીમખેડા વિધાનસભામાં કુલ - ૨૨૫ મત પડ્યા હતા, જયારે ૧૩૨ દાહોદ વિધાનસભા મત વિસ્તારમાં - ૧૫૮ જેટલા મતો પડ્યા હતા. હવે વાત ગરબાડા વિધાનસભાની કરીએતો ૧૩૩ ગરબાડા વિધાનસભામાં-૯૦ મત પડ્યા હતા.તો ૧૩૪ દે. બારીયા વિધાનસભા મત વિસ્તારમાં પોસ્ટલ બેલેટ થકી - ૫૭ મત પડ્યા હતા. લોકસભાની સાથે સાથે વિધાનસભાની ગુજરાતની ૬ વિધાનસભા બેઠકોમાં પેટા ચૂંટણી પણ યોજાઈ રહી છે. ત્યારે જાણવા મળ્યા અનુસાર આજથી શરૂ થયેલી પોસ્ટલ બેલેટ મતદાન પ્રક્રિયા ૨ મે સુધી યોજાશે. જેમાં પોસ્ટલ બેલેટ મતદાનમાં લોકસભા ચૂંટણીમાં વ્યસ્ત સરકારી અધિકારીઓ, કર્મચારીઓ તેમજ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના ૭ વિધાનસભાના મતદાન મથકો પર પડેલા ૧,૪૦૮ પોસ્ટલ બેલેટના મતો નોંધાયા હતા. જયારે ગુજરાતમાં લોકસભાની સાથે યોજાઈ રહેલી વિધાનસભાની પેટા ચૂંટણીઓ માટે દાહોદ જીલ્લાની ૭ વિધાનસભામાં પોસ્ટલ બેલેટના ૦૯ મતો નોંધાયા હતા.

# જેસાવાડા પોલીસે લીમખેડા સંખેડા, આણંદ તેમજ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ઘરફોડ ચોરીનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડી જેલ ભેગો કર્યો




ગરબાડા,

દાહોદ જીલ્લાની ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ. એન.એન.રામી તેમજ પોલીસ સ્ટાફના માણસો જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજ્ય બહાર ના વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા માટે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે લીમખેડા સંખેડા, આણંદ તેમજ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ઘરફોડ ના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ધર્મેશભાઈ કાજુભાઈ ભાભોર જે આંબલી ખજુરીયા ગામનો જેસાવાડા બજારમાં આવેલ છે. જે બાતમી ના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને જેસાવાડા બજારમાંથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી આગળ કાયદેસરની કાર્યવાહી માટે લીમખેડા પોલીસને સોપવાની હાથ ધરી હતી. આમ, જેસાવાડા પોલીસને એક વર્ષથી રાજ્ય તેમજ રાજ્ય બહારના ચોરીના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

# ૧૬૦ કિમી પ્રતિ કલાકની મિશન રફતાર માટે રેલવે નાગદા-ગોધરા સેકશનમાં કર્વ સીધો કરાયો



**ટ્રેક રીએલાઈમેન્ટ થતાં ટ્રેનોની ગતિ મર્યાદા વધશે**

આ સેકશનમાં અત્યાર સુધીમાં ૮૦ થી ૯૫ કિલોમીટરની ઝડપે ટ્રેનોનું સંચાલન કરવામાં આવતું હતું. હવે આ સેક્શનમાં ટ્રેક રીલાઈમેન્ટ, બ્રિજ મેન્ટેનન્સ, ટ્રેક સાઈડ ફેન્સીંગ,જીઇ (પર્માનેન્ટ સ્પીડ રિસ્ટ્રિક્શન), સ્લીપર બદલવા સિગ્નલ,ઓઈ અને ઈલેક્ટ્રીકનું કામ પૂર્ણ કરી ટ્રેકને મજબૂત કરવામાં આવતા હવે આ સેક્શનમાં ૧૩૦ કલાકની સ્પીડે ટ્રેનોનું સંચાલન કરવા માટે સક્ષમ થઈ ગયું છે.

**૭ કલાકનો મેગા બ્લોક:સેકશનમાં બંને તરફ બાઉન્ડ્રી વોલ, તીવ્ર વળાંક સીધા કરાયા**

પશ્ચિમ રેલવે ગોધરા- નાગદા સેકશનમાં ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની રફતાર પણ ટ્રેન દોડાવવાની યોજના પર કામ કરી રહ્યો છે. જેમાં બંને તરફ બાઉન્ડ્રી વોલનું કામ છેલ્લા ઘણા સમયથી મંદગતિએ ચાલી રહ્યો છે. સાથે સાથે આ સેક્શનમાં સંખ્યાબંધ વળાંક અને પર્વતો આવેલા હોવાથી રેલવે આ સેક્શનમાં છેલ્લા ઘણા સમયથી કામ કરી રહ્યો છે. અત્યાર સુધીમાં આ સેક્શનમાં ચાર જેટલા કર્વને રિયલાઈમેન્ટ કરવામાં આવ્યા છે.

દાહોદ,

પશ્ચિમ રેલવેના રતલામ મંડળમાં સમાવિષ્ટ ગોધરા-નાગદા સેકશનમાં રેલવે ૭ કલાકનો મેગા બ્લોક લઈ ૨.૨૦ જેટલા કર્મો ને ૧.૫ સુધી સીધો કરી દેવામાં સફળતા સાપડી છે. જેના પગલે ગોધરા-નાગદા સેકશનમાં અત્યાર સુધીમાં ચાર જેટલા કર્વને રિયલાઈમેન્ટ કરી સીધા કરવામાં આવ્યા છે. એટલું જ નહીં ઉપરોકત સેકશનમાં ૪૭૭ / ૨૧ તેમાં ૪૭૮ / ૧૩ વચ્ચેના કર્વને સીધો કરવા માટે એન્જિનિયરિંગ ટીઆરડી તેમજ ઓપરેટિંગ વિભાગ દ્વારા સંકલન કરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેથી આ કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ થવા પામેલ છે. જેના પગલે હવે આ સેકશનમાંથી પસાર થતી ટ્રેનોની ગતિ મર્યાદા વધતા રેલવેને મહદંશે લાભ થશે. સાથે સાથે મુસાફરોનો સમયનું પણ બચત થશે.

# વિરપુરની નદીના ઢાળની માટી ઢસડાઈ જતાં લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડે તેવી સ્થિતિ

વિરપુર,

વિરપુરની ભૌગોલિક પરિસ્થિતિ જોતા નગરની ફરતે ચારેય બાજુ લાવરી નદીનુ વ્હેણ છે. અને વચ્ચે ગામ વસેલુ છે. આ નદીના તટ ઉપર રહેણાંક વિસ્તાર આવેલો છે. તેમનો એક વિસ્તાર દેસાઈનો ઢાળ જે છેવાડાનો વિસ્તાર છે જે નદીના પટ સાથે જોડાયેલો હોવાથી દર વર્ષે ચોમાસામાં નદીમાં પાણી આવતાની સાથે આ વિસ્તારની જમીન ધસી જવાની ઘટના બની રહી છે. જેને લઈ નદીના પટનો વિસ્તાર વધતો જાય છે. જયારે સ્થાનિક રહેણાંક વિસ્તાર ઘટી રહ્યો છે. આવુ બનતા ઘણા લોકોની પોતાની માલિકીની જગ્યા નદીના પટમાં ફેરવાઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. વિરપુરના દેસાઈના ઢાળ વિસ્તારના જે નદીના ૫૦ ફુટ ઉંડા ખાઈ વિસ્તારને અડીને આવેલ છે ત્યાં અમુક મકાનો અડધા પડી ગયેલ હાલતમાં અત્યારે પણ જોવા મળી રહ્યા છે. જયારે આ વિસ્તારમાં અવર જવરના રસ્તાની જમીન ધસી પડતા રસ્તો પણ સાંકડો બની ગયો છે. રસ્તાની બાજુમાં કોઈ રેલિંગ કે સેફ્ટી માટેની સુવિધા પણ ન હોવાથી આવવા-જવાનુ મુશ્કેલ બન્યુ છે. આ વિસ્તારના સ્થાનિકો પોતાના મકાન મિલ્કતને લઈ ખુબ ચિંતિત બન્યા છે. આ સમસ્યા માટે તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતાં નદીની બાજુ પુરાણ કે અન્ય કોઈ પ્રોટેકશન દિવાલ જેવુ કોઈ નકકર પરિણામ મળ્યુ નથી. નદીના ભાગે ધરાશાઈ થયેલ જગ્યામાં અગાઉ કાચા મકાનો ધસી ગયા હોવાનુ સ્થાનિકો જણાવી રહ્યા છે. જયારે મકાનની જગ્યા પણ વ્હેણમાં વહી ગઈ છે.

# લીમખેડાના કથોલીયા ગામે ખુલ્લા ખેતર માંથી ૧.૩૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના કથોલીયા ગામે પોલીસે એક ખુલ્લા ખેતરમાંથી કુલ રૂા.૧,૩૭,૨૮૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જયારે સ્થળ પર હાજર વ્યકિત પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.



ગત તા.૨૯મી એપ્રિલના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડાના કથોલીયા ગામે રહેતાં કમલેશભાઈ રૂપસીંગભાઈ મકવાણાએ પોતાના ખુલ્લા ખેતરમાં રેતીના ઢગલામાં બીયરનો જથ્થો સંતાડી રાખેલ હતો. જે બાતમીના આધારે પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં કમલેશભાઈ પોલીસને જોઈ નાસી ગયો હતો. પોલીસે તેના ખેતરની તલાસી લેતાં રેતીના ઢગવામાંથી બિયરની કુલ બોટલો નંગ.૧૦૫૬ કિંમત રૂા.૧,૩૭,૨૮૦નો પ્રોહી જથ્થો પોલીસે કબજે કરી આ સંબંધે લીમખેડા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.211

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગર પાલિકાને ૨૦૨૫ વર્ષમાં ૧૫૦ વર્ષ પુરા થતાં ૧૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી માંગ સાથે મુખ્યમંત્રીને રજુઆત

ગોધરા,

ગોધરા નગર પાલિકાની સ્થાપનાને ૨૦૨૫ના વર્ષમાં ૧૫૦ વર્ષ પુરા થતાં હોય તેની ઉજવણી માટે શહેરાના વિકાસ માટે ૧૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા માટે રાજયના મુખ્યમંત્રીને પાલિકાના માજી સભ્ય દ્વારા રજુઆત કરાઈ છે.

ગોધરા નગર પાલિકાની સ્થાપનાને વર્ષ-૨૦૨૫માં ૧૫૦ વર્ષ પુરા થઈ રહ્યા છે. પાલિકાના સ્થાપના ૧૫૦ વર્ષની ઉજવણી માટે શહેરના વિકાસ માટે ૧૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા આવેલ ગોધરા પાલિકાના સ્થાપના ૧૮૭૫માં થઈ હતી. તે મુજબ ૨૦૨૫માં ૧૫૦ વર્ષ પુરા થઈ રહ્યા છે. તેના પુરાવા ગોધરા પાલિકા દ્વારા બહાર પાડેલ ગુજરાત નગર પાલિકા પરીષદનું ૧૬મું અધિવિશેન ૨૭/૦૬/૧૯૯૨ની સ્મારણિક બુક અને ઈ-ગર્વનન્સ અંતર્ગત નાગરિક સુવિધા કેન્દ્રના શુભારંભ પ્રકાશિત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ બહાર પાડેલ શતદલ સ્મૃતિ અંક આ બન્ને બેંકના નિમંત્રક પાલિકા હતા. ૨૦૧૭માં ગોધરા ઈતિહાસના અરીસામાં બુકલેટ જેના લેખક મૌલાના ઝિયાઉદ્દીન હાજી ઈબ્રાહીમ આલમ અને અનુવાદક મૌલાના સુફયાન મૌલાના યુસુફ બઢા હતા. આ ત્રણ બુકલેટમાં ગોધરા પાલિકાની સ્થાપના વર્ષ ૧૮૭૫માં થયેલ હોય તેની ગણતરી કરતાં ૨૦૨૫ના વર્ષમાં ગોધરા પાલિકાને ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે. તેની ઉજવણી રૂપે ગોધરા શહેરના વિકાસ તેમજ શહેરીજનોને જરૂરી સુવિધા મળી રહે અને ૧૫૦ વર્ષની ઉજવણી ઐતિહાસીક બને તેવું આયોજન કરવામાં આવે અને ૧૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે. ગોધરા પાલિકાના માજી સભ્ય યાકુબ અ.સલામ બકકર (તપેલી)એ રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે કે, ૨૦૦૯માં હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે રોકાયેલ હતા. તે ફરીથી ગોધરા શહેરમાં પુનરાવર્તન કરાય તેવી રજુઆત કરાઈ છે.

ગોધરાના નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટેનો મોટો પ્રશ્ન છે. જેને લઈ વારંવાર પાણી ભરાઈ જવાના બનાવો બનતા હોય છે. શહેરની મધ્યમાં આવતા યોગેશ્વર કેનાલ, સિંદુરીમાતા કેનાલ, મીઢીનો કોતર, પોલન બજાર કોતર, રાજ પેલેસ કેનાલ, સ્મશાન રોડ કેનાલ, લીલેસરા રોડ લુણાસા તળાવ થી પઠાણ ટી સેન્ટર થી નૂરકેન નાળા થી લઈ ઉસ્માનગની પ્રાથમિક શાળા મેશરી નદી સુધી તેમજ નવિન છ ગ્રામ પંચાયતોનો સમાવેશ થયેલ હોય તેમાં સમાવિષ્ટ વાવડી પંચાયત આઈ.ટી.આઈ. કોલેજ થી પસાર થતું કોતર જાફરાબાદ થી પ્રભાનાળા રહી મેશરી નદીમાં જોઈન્ટ થતાં કોતરોની સાફ સફાઈ કરાઈ. આર.સી.સી. દિવાલો બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે.

ગોધરા નગર પાલિકામાં સરકાર દ્વારા ફાળવવામાં આવતી ઓક્ટ્રોઈ ગ્રાન્ટ પૈકી કચેરીના અધિકારીઓ દ્વારા ભુતકાળમાં આંકડાની માહિતીમાં થયેલ ભુલના કારણે ગ્રાન્ટ ઓછી મળતી હોય છે. જેના કારણે પગારો મોડા થતા હોય તેમજ મહેકમ ખર્ચ અને પેન્શનરોને પેન્શનની મોટી રકમ તેમજ નિભાવ ખર્ચ વિકાસના કામો તેમજ ગોધરા પાલિકા વર્ગમાં આવતી હોય વધતા જતા શહેરી વિસ્તારને ધ્યાને લઈ ફળવાતી ગ્રાન્ટ ૧૦૦ટકા મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવે.

ગોધરા પાલિકાએ અ-વર્ગની નગર પાલિકામાં આવતી હોય જેમાં વિવિધ વિભાગના સ્ટાફમાં અંદાજીત કુલ ૮૦ ટકા જેટલી તેમજ સફાઈ કામદારોમાં ૬૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી હોવાથી કામગીરીમાં તકલીફ પડતી હોય તેમજ અપૂરતા સ્ટાફના કારણે નાગરિકો સાથે સંઘર્ષમાં ઉતરવું પડતું હોય ત્યારે તત્કાલીક અસરથી જગ્યાઓ ભરવા માટે સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવે.

## પંચમહાલમાં ૧૫૩ બુથમાં મતદાન વધારવા સખી મંડળની મહિલાઓની કામગીરી સોંપાઈ

ગોધરા,

પંચમહાલ લોકસભા ચુંટણીનુ મતદાન ૭મેના રોજ યોજાવાનુ છે ત્યારે અગાઉ વર્ષ-૨૦૧૪માં લોકસભામાં ૬૩.૩૧ ટકા અને વર્ષ-૨૦૧૯ની લોકસભામાં ૬૬.૧૫ ટકા મતદાન થયુ હતુ. આ બંને ચુંટણીમાં પુરૂષો કરતા મહિલાઓનુ મતદાન ૫ ટકા ઓછુ હતુ જેથી આવનારી લોકસભાની ચુંટણીમાં મતદાન વધે તે માટે ચુંટણી અધિકારી દ્વારા ખરીદી પર ડિસ્કાઉન્ટ સહિતના આયોજન કરી રહ્યા છે ત્યારે તાજેતરમાં થયેલ પંચમહાલની ૫ વિધાનસભાની ચુંટણીના મતદાનના આંકડાના આધારે મતદાન ઓછા થવાના કારણો મહિલાઓના ઓછા મતદાન થયેલ બુથ તથા ૫૦ ટકા કરતા ઓછા મતદાન થયેલ બુથ શોધીને આવા બુથ પર મહિલાઓ તથા બુથનુ મતદાન વધારવાના આયોજન કર્યુ છે. પંચમહાલ વિધાનસભાની ચુંટણીમાં ૫ બેઠકના કુલ બુથમાંથી ૪૨ બુથ એવા મળી આવ્યા છે જેમાં મતદાન ૫૦ ટકા કરતા ઓછુ છે. જયારે વર્ષ-૨૦૨૨ની વિધાનસભાની ચુંટણીમાં ૧૫૩ બુથ એવા મળી આવ્યા છે જેમાં મહિલાઓનુ મતદાન ઓછુ છે આવા બુથ પર મહિલાઓના ઓવા મતદાનને વધારવાના કારણે શોધીને સખી મંડળ, શિક્ષકો, નાટકો કરી, મહિલાઓને મતદાન કરવાનુ સમજાવીને ૭મે એ અચુક મતદાન કરવાની જાગૃતિના પ્રયાસો હાથ ધર્યા છે.

## શહેરા અણીયાદ ચોકડી પાસે કારમાંથી ૩૪ હજારના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમ ઝડપાયા

શહેરા,

શહેરાના અણીયાદ ચોકડી હાઈવે રોડ ઉપર પોલીસના વાહન ચેકિંગ દરમિયાન ફોર વ્હિલ કારને રોકી ચેકિંગ કરવામાં આવતા કારમાંથી ઈંગ્લીશ દારૂ કિ.રૂ.૩૪,૫૬૦/-મોબાઈલ ફોન અને કાર મળી કુલ રૂ.૧,૮૯,૫૬૦/-ના મુદ્દામાલ સહિત બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરાના અણીયાદ ચોકડી લુણાવાડા-ગોધરા રોડ ઉપર પોલીસ વાહન ચેકિંગમાં હોય દરમિયાન ફોર વ્હિલ ગાડી નં.જીજે-૦૬-પીઈ-૧૭૩૪ને રોકી ચેકિંગ કરવામાં આવતા કારમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની કાચની બોટલો નંગ-૩૩૬ કિ.રૂ.૩૪,૫૬૦/- અને મોબાઈલ ફોન અને કાર મળી કુલ રૂ.૧,૮૯,૫૬૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નરેન્દ્રકુમાર હિંમતસિંહ ચૌહાણ (રહે.લાભી, શહેરા)અને કેશવકુમાર ફતેસિંહ પગી(રહે.ગુણેલી, શહેરા)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરાના નદીસર ગામે વોટર વર્કસની પાણીની મોટર બળી જતાં કેટલાક ફળિયાઓમાં પાણીની ગંભીર સમસ્યા

નદીસર,

ગોધરા તાલુકાના નદીસર ગામે છેલ્લા એકાદ માસથી કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછો મળતા ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે.

ગોધરા તાલુકાના નદીસર ગામના મોટુ ફળિયુ, શેઠ ફળિયુ, વાડી ફળિયુ, તેમજ હાઈસ્કુલ ફળિયુ, શેરાના મુવાડા વિસ્તારમાં છેલ્લા એક માસથી પંચાયતની વોટરવર્કસની મોટર બળી જતાં તેમજ મોટી કાંટડી પાસેથી આવતા નર્મદા કેનાલ આધારિત જુથ પાણી પુરવઠા યોજનાનો પાણી પુરવઠો ઓછો મળતા પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. આ અંગે પંચાયત સત્તાધિશોને પુછતા તેમને જણાવ્યુ હતુ કે,એક મોટર બળી જતા કુવાનુ પાણી ઉપરોકત વિસ્તારમાં આપી શકાતુ નથી. અને તલાટી મજુરી તેમજ મોટર બળી ગયેલ હોય તે રિપેર કરાવવાના નાણાં આપતા નથી. આ અંગે તલાટી સાથે વાત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે,વારંવાર પાણી અંગે જરૂરિયાત અને નુકસાન મુજબ નાણાં ચુકવવામાં આવ્યા છે. જયારે નર્મદા કેનાલ આધારિત જુથ યોજના પી.એમ.જનુ પાણી પણ નદીસર ખાતે તંત્રના ઉપરી અધિકારીથી લઈ લાઈન ઓપરેટર સુધી રજુઆત કરવા છતાં એક પણ દિવસ પાણી પુરા પ્રેશરથી અને જોઈતી માત્રામાં આવતુ નથી. જેથી એકાદ માસથી ઉપરોકત સમગ્ર વિસ્તાર અડધો કલાક પાણી આપીને બંધ કરવામાં આવે છે. જેથી મોટાભાગના ફળિયાઓમાં પાણી પહોંચતુ ના હોવાની ફરિયાદો ઉઠી છે. એક તરફ લગ્નસરાની સીઝન, કાળઝાળ ગરમી અને પુરતુ પાણી ના મળતા સમગ્ર વિસ્તારમાં નાગરિકો હેરાન પરેશાન થઈ ગયા છે. આ તરફ નદીસર વોટર વર્કસ કેમ્પસમાં આશરે બે માસથી પાણીનો સંપ બનાવવાની કામગીરી ખોરંભે ચઢી છે.જો વરસાદ પહેલા આ સંપ બનાવીને તેની ચો તરફ મજબુતાઈથી પુરાણ કરવામાં નહિ આવે તો કેમ્પસમાં રહેલ પાણીની ટાંકી અન્ય સંપ અને હાલ જયાંથી અન્ય ભાગોમાં પાણી આપવામાં આવે છે. તે કુવાને મોટુ નુકસાન થવાની ભિતી સેવાઈ રહી છે. આ તરફ તાત્કાલિક યુદ્ધના ધોરણે નદીસરને નર્મદાનુ પાણી પુરતી માત્રામાં અને પ્રેશરથી નહિ મળે તો નાગરિકો મતદાનથી પણ અળગા રહેશે તેવુ જાણવા મળેલ છે.

## પંચમહાલ લોકસભા ચુંટણીમાં ફરજ બજાવનાર પોલીસ કર્મી, હોમગાર્ડ જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ



શહેરા,

પંચમહાલ લોકસભા બેઠકની ચૂંટણી ૭મેના રોજ યોજાનાર હોય જેમાં ફરજ બજાવનાર પોલીસ કર્મીઓ , હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળના જવાનોએ ચૂંટણી પહેલાં પોસ્ટલ બેલેટથી મતદાન કરેલ હતું. મતદાન સેન્ટર પર પોલીસ જવાનો ઉત્સાહપૂર્વક મતદાન કરતા નજરે પડી રહ્યા હતા.

પંચમહાલમાં લોકસભા બેઠકની ચૂંટણી શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટેની વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તૈયારીઓ કરાઈ રહી છે. પોલીસ અધિકારીઓ , પોલીસ કર્મીઓ સહિત અન્ય સ્ટાફ લોકસભાની ચૂંટણીના દિવસે મતદાન મથક તેમજ અન્ય જગ્યાએ ફરજ પર રહેનાર હોવાથી તેઓ પોતાનો મત નાખી શકે તે માટે મંગળવારના રોજ મતદાન સેન્ટર પર પોસ્ટલ બેલેટથી મતદાનનુ આયોજન કરવામાં આવ્યું હતું. શહેરા સરકારી વિનયન કોલેજ ખાતે આવેલ મતદાન સેન્ટર પર મદદનીશ ચૂંટણી અધિકારી પ્રણવ વિજયવર્ગીય અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ અને તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતની ઉપસ્થિતિમાં ફરજ બજાવનાર પોલીસ જવાનો એ પોસ્ટલ બેલેટથી ચૂંટણી પહેલા મતદાન કરીને પોતાનો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન સેન્ટર પર પોલીસ જવાનોએ ઉત્સાહપૂર્વક પોસ્ટલ બેલેટથી મતદાન કરવા સાથે શરૂઆતમાં લાંબી લાઈન લાગેલી જોવા મળી રહી હતી.

ઉલ્લેખનીય છે કે, હોમગાર્ડ જવાનો દરેક ચૂંટણીમાં પોતાની નૈતિક ફરજ બજાવતા હોય ત્યારે સરકાર દ્વારા વધતી જતી મોંઘવારીને દયાનમાં રાખીને હાલ જે પગાર મળી રહ્યો હોય એના કરતા ૧૫ થી ૨૦ ટકા જેટલો પગારમાં વધારો કરવામાં આવે તે પણ જરૂરી લાગી રહયુ છે.

## ગોધરાના વાવડી ખુર્દના ૩૨ વર્ષિય યુવાન કયાંક ગુમ થઈ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામે ચારણ ફળિયામાં રહેતા ૩૨ વર્ષિય યુવાન અમદાવાદ ખાતે કંપનીમાં ડ્રાઈવિંગ કરવા જાઉં છુ અને કંપનીમાં માલસામાન મોરબી પહોંચાડવા ૧૪ એપ્રિલના રોજ નીકળીને ઘરેથી કયાંક ચાલી જઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામે ચારણ ફળિયામાં રહેતા કનુભાઈ વાલાભાઈ ચારણ (ઉ.વ.૩૨)તા.૧૪ એપ્રિલના રોજ ઘરેથી અમદાવાદ ખાતે ડોકટરની કંપનીમાં ડ્રાઈવિંગ કરવા જાઉં છુ અને કંપનીનો માલ-સામાન મોરબી પહોંચાડવાનો હોય અને દસ દિવસ પછી ઘરે આવવાનુ કહી નીકળ્યા બાદ કયાંક ગુમ થઈ ગયા હોવાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

## મોરવા(હ)ના રસુલપુર ગામે કાચા મકાનમાં લાગેલી આગમાં ચાર પશુઓના મોત : ઘરવખરી બળીને ખાખ

શહેરા,

મોરવા(હ)તાલુકાના રસુલપુર ગામે કાચા મકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા ઘરવખરી અને ઘાસચારો સહિત બીને ખાખ જઈ જવા પામ્યુ હતુ. આ આગની લપેટમાં આવતા ચાર જેટલા પશુઓના મોત થયા હતા.

રસુલપુર ગામે આવેલા ઝોપલા ફળિયામાં રહેતા નવલભાઈ લક્ષ્મણભાઈ પટેલના કાચા મકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા આસપાસના લોકો દોડી આવી આઝ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ કાબુમાં ન આવતા સ્થાનિકો દ્વારા ફાયર ફાયટરને જાણ કરાતા ગોધરા નગરપાલિકાનુ ફાયર ફાયટર તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યુ હતુ. ત્યારબાદ ફાયર ફાઈટરો દ્વારા મકાનમાં લાગેલી આગને કાબુમાં લેવાના પ્રયત્નો હાથ ધરાતા આગ કાબુમાં આવી હતી. જોકે આગ કાબુમાં આવે તે પહેલા મકાનમાં રહેલ ઘરવખરી તેમજ ઘાસચારો સહિત ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જવા પામી હત. અને આ લાગેલ આગમાં ચાર જેટલા પશુઓ પણ આગની લપેટમાં આવી જતાં ચારેય પશુઓના મોત થયા હતા. ઘટનાની જાણ ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી તેમજ આ વિસ્તારના તાલુકાઅ પંચાયતના સદસ્યાને થતાં તેઓએ સ્થળ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## કાલોલના ડેરોલ સ્ટેશન માર્કેટિંગ યાર્ડની મેડિકલની દુકાનમાં આગ લાગતા માલસામાન બળીને ખાખ

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન માર્કેટિંગ યાર્ડના શોપિંગ સેન્ટરમમાં આવેલ એક મેડિકલ દુકાનમાં આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. જોકે આગ લાગતા લોકોના ટોળાની સાથે ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતના ડે.સરપંચ રમેશભાઈ તલાટી પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જયાં તેઓએ કાલોલ નગરપાલિકાના ફાયર ફાયટરોને જાણ કરતા ટીમ ઘટના સ્થળે આવી પહોંચી પાણીનો મારો ચલાવી બાજુમાં આવેલ પ્લાસ્ટિક કટલરીની દુકાનમાં આગ પહોંચે તે પહેલા આગને કાબુમાં લેતા સૌએ હાશકારો અનુભવ્યો હતો. દુકાનમાં મુકેલ ફ્રીઝમાં શોર્ટસર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનુ પ્રાથમિક તપાસમાં અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે. આગ લાગતા દુકાનમાં મુકેલ મેડિકલ દવા-ગોળીનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ કાલોલ પોલીસને થતાં તે પણ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

## શહેરાના બોરડીમાં ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરોધમાં લગાવેલ બેનરો તલાટી ઉતારી લેતાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષ



શહેરા,

શહેરા તાલુકાના બોરડી ગામે ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરૂદ્ધમાં બેનરો લગાડવામાં આવ્યા હતા. તે તલાટી દ્વારા બેનરો ઉતારી લેવામાં આવ્યો. ટી.ડી.ઓ.ના આદેશથી ઉતારવામાં આવતાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે.

શહેરા તાલુકાના બોરડી ગામે ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિરૂદ્ધ કરેલ વાણી વિલાસના વિરોધમાં બોરડી ગામમા ક્ષત્રિય સમાજના દ્વારા બેનરો લગાડવામાં આવ્યા હતા. લાગેલ બેનરો આચાર સંહિતા ભંગમાં આવતા ન હોવા છતાં બોરડીના તલાટી કમ મંત્રી દ્વારા ક્ષત્રિય સમાજ દ્વારા લાગેલ બેનરો ઉતારી લેવા માટે કહેવામાં આવતાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે. ક્ષત્રિય સમાજના આગેવાન દ્વારા તલાટી કમ મંત્રી સાથે વાાતચીત કરતાં તાલુકા વિકાસ અધિકારીના આદેશથી બેનરો ઉતારી લેવામાં આવ્યા છે તેમ જણાવ્યું છે. ક્ષત્રિય આગેવાન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ગામમાં ભાજપના લાગેલ બોર્ડ હોર્ડીંગ માટે આચાર સંહિતાનો ભંગ થતો નથી.

## શહેરા બોરીયાવીમાં સડક યોજનામાં ખેડુતના વળતરની રકમમાં છેતરપિંડી કરનાર આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાના બોરીયાવી ગામની સડક યોજનામાં ખેડુતોની જમીન અવેજમાં મળનારી વળતર રકમમાં ખેડુતો સાથે છેતરપિંડી કરનાર આરોપી વકીલ અને સાગરીતો દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. તે જામીન અરજીની સુનાવણી હાથ ધરતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

શહેરા તાલુકાના બોરીયાવી ગામની સડક યોજનામાં ફરિયાદી તથા અન્યોની જમીન સડક યોજનામાં લેવામાં આવી હતી. જમીનમાં વળતરના રૂપીયા સરકાર તરફ મળવાપાત્ર રકમ ૨૦૨૩ના વર્ષમાં મંજુર થયેલ તે વળતરના રૂપીયા બાબતે ફરિયાદીના ગામના બાબુભાઈ વાલાભાઈ પરમાર કરતા હોય અને વળતરનું કામ સોંપેલ હોય ગોધરાના વકીલ દિનેશભાઈ પઢીયારને મળતા તમામના બેંક ખાતા ખોલાવેલ હતા. આરોપીઓ બાબુભાઈ વાલાભાઈ ચમાર, પટેલ મનોજ ભુપેન્દ્રકુમાર, દિનેશભાઈ ધનજીભાઈ પઢીયાર ખેડુતોના વળતરના રૂપીયા ચાંઉ કરી જતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી અને આરોપીઓને અટકાયત કરાઈ હતી. હાલ આરોપીઓ જયુડિશીયલ કસ્ટડીમાં હોય તેવા આરોપી દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. તે જામીન અરજી જીલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીઓની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## ગોધરા પાલિકાના હમીરપુર ગામે ભુર્ગભ ગટર લાઈનના પમ્પીંગ સેન્ટશન માંથી ૪.૨૫ લાખની ઈલેકટ્રીક મોટરો અને સામાનની ચોરી

ગોધરા,

ગોધરાના હમીરપુર ગામે પાલિકાની ભુર્ગભ ગટર લાઈનની પમ્પીંગ સ્ટેશન માંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ઈલેકટ્રીક વસ્તુઓ તેમજ મશીનરી મળી કુલ ૪.૨૫ લાખની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા નગર પીલકાની ભુર્ગભ ગટર લાઈનનું પમ્પીંગ સ્ટેશન ગોધરા તાલુકા હમીરપુર ગામે આવેલ હોય અને ૨૪ એપ્રિલના રોજ ભુર્ગભ ગટર લાઈન પમ્પીંગ સ્ટેશનના સુપરવાઈઝર પરેશભાઈ બારૈયા પમ્પીંગ સ્ટેશન ખાતે ગયા હતા. ત્યારે પમ્પીંગ સ્ટેશન માંથી સામાન ચોરી થયાની જાણ થતાં તપાસ કરવામાં આવી હતી. જેમાં ઈલેકટ્રીક કોપર કેબલ કોપરના પટ્ટા મળી કુલ ૪.૨૫ લાખ રૂપીયાની મત્તાની જાણ થતાં આ બાબતે બી ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી અને પમ્પીંગ સ્ટેશન ખાતે ચોરીને અંજામ આપનાર અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## ગોધરા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા જે.એલ.વાળંદ વયનિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો



ગોધરા,

આજરોજ ૩૦ એપ્રિલના રોજ જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાઈને નિવૃત્ત થતા સેવક જે.એલ.વાળંદનો વિદાય સમારંભ નાયબ માહિતી નિયામક સુ પારૂલ મણિયારના અદયક્ષસ્થાને યોજાયો હતો. જે.એલ.વાળંદએ ૩૪ વર્ષના સમયગાળા સુધી સરકારી સેવામાં ફરજ બજાવીને આજરોજ તેઓ વય નિવૃત્ત થયા છે.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામકએ જણાવ્યું હતું કે, કામગીરીમાં ચીવટ ત્વરા અને કાળજીપૂર્વક સેવાઓ બદલ તેમની કામગીરીને બિરદાવી વય નિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવી હતી. વાળંદનું મોમેન્ટો અને સાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. સાથી કર્મચારીઓએ તેમનું નિવૃત્તિમય જીવન સુખમય અને તંદુરસ્ત રહે,તેવા આશિષ આપ્યા હતા. આ સમારોહમાં પૂર્વ સંયુકત માહિતી નિયામક આર.આર.રાઠોડ સહિત કચેરીના કર્મચારીઓ, વય નિવૃત્ત કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.